No. GUJMUL/2016/68324
साल-६, अंक-११, पृष्ठ-४०, मूल्य-₹ २५, दिनांक : ०१ अप्रिल-२०२१
Year-6, Issue-11, Page-40, Price : ₹ 25, Date : 01 April - 2021

# CRIME FORCE

*....... Always Alert, To Stop The Crime*

CRIME FORCE
सत्यमेव जयते

Research and Analysis Wing
अनुसंधान और विश्लेषण विंग
India भारत


## હિન્દુસ્તાન કે 'રિયલ જેમ્સ બોન્ડ'

# અજિત ડોભાલ



સિંધ પ્રાંતના અંતિમ હિન્દુ રાજા અને બહાદુર યોદ્ધા દાહિર સેન

# Best Wishes To
# CRIME FORCE



GROUP

# Dimple Trading LLC

(Buying House/ Manufacturing/ Private Labeling/
Import/ Export/ Trading/ Indenting & Consulting)

**RANJITSINH JADAV**

**VIPULBHAI PATEL**

**PARTH SHAH**

**-: ADDRESS :-**

**Office No.701, ASPIN World Tower,**
**Sheikh Zayed Road,Dubai, UAE**

RNI Regd. No. GUJMUL/2016/68324
साल-६, अंक-११ , पृष्ठ-४० मूल्य-₹ २५
दिनांक : ०१ अप्रिल-२०२१
"Crime Force"
(Monthly) Volume-6, Issue-11
01st April-2021, Page: 40



मालिक-प्रकाशक-मुद्रकश्री
रणजीतसिंह जे. जादव
Mob. : 75750 55111



तंत्रीश्री
विजयभाई बी. साणथरा
Mob. : 75750 55333



सहतंत्रीश्री
सतीषभाई बी. सोलंकी
For Booking And Advertisement
Mob. : 92746 76760

सालाना लवाजम
भारत में : ₹ ३००/-
विदेश में : ₹ २०००/-

# તંત્રી સ્થાનેથી...

## કોરોનાનો ફરી ઊથલો, ડરના જરૂરી હૈ...

લગભગ ૧ વર્ષ થયા દુનિયાભરને ધમરોળતો કોરોના બે-ત્રણ મહિના પહેલા થોડો કંટ્રોલમાં આવ્યો હોય તેમ જણાતુ હતું. કોરોનાની વેકસીન આવી જતા લોકોને એકજાતની સલામતીનો એહસાસ જણાયો હતો અને લાગતું હતું કે, હવે કોરોનાથી મુક્તિ મળશે. પરંતુ હમણા છેલ્લા ૧ મહિનાથી કોરોનાએ ફરી માથું ઉંચક્યુ છે અને એ ફરીથી રફતાર પકડી રહ્યો છે. હાલના સમયમાં રોજ કોરોનાના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

પ્રજામાં ફરી ડર પેસી ગયો છે કે, હવે શું થશે? પરંતુ આપણા લોકોની માનસિકતા જ એવી છે કે, કોરોનાને આપણે હજુ પણ હળવાશથી જ લઈએ છીએ. માસ્કનો પણ દંડ ન ભરવો પડે એ હેતુથી જ ઘણા ખરા લોકો ઉપયોગ કરે છે. જાહેરમાં ભીડ-ગીર્દી સતત દેખાયા કરે છે. સરકાર પણ ચૂંટણી સમયે રાજકીય પક્ષોના આવા મેળાવડાઓ કે સભા બાબતે બેદરકાર રહે છે. એક બાજુ લોકોને શીખામણ આપે છે કે, માસ્ક પહેરો, સામાજીક દુરી બનાવી રાખો. પરંતુ સરકારી મેળાવડાઓમાં જ આ વાતનો છડેચોક ભંગ થતો જોવા મળે છે.

કોરોનાને મ્હાત આપવા માટે આપણે હજુ પણ ઘણી તકેદારી રાખવાની જરૂરી છે. સતત માસ્ક પહેરવું, વારંવાર હાથ ધોવા અને સામાજીક દુરી બનાવી રાખશો તો જ આ મહામારીથી બચી શકાશે. જ્યાં સુધી વેકસીનનાં બધા જ ડોઝ લેવાય ના જાય ત્યાં સુધી અને ડૉકટરોની સુચના અનુસાર તકેદારી રાખવી ખુબ જ જરૂરી છે.

ઘણીવાર ડરવાથી પણ જો સુરક્ષિત રહેવાતું હોય તો ''ડરના જરૂરી હૈ!''

मुख्य कार्यालय
राज कोम्प्लेक्ष,
स्टार प्लाझा के सामने,
फुलछाब चौक, राजकोट - ३६० ००१
E-mail: crimeforce9@gmail.com

| London (U.K.) Bureau Office | Mumbai - Bureau Office | Gandhinagar - Bureau Office | Surat - Bureau Office |
|---|---|---|---|
| NISHANT K. JANI | Asit V. Soni | Ishvarlal K. Patel | Jaydev Raval |
| Mo. +44 7999470980 | Mo. 075060 70805 | Mo. 094278 01647 | Mo. 093135 38434 |
| 43 Bowrons Ave, Wembley, HA0 4QS London (U.K.) | B/16 Shanti Campus Near Sneha Restaurant Nahur Road, Mulund (West) Mumbai - 400 080 | Plot No. 317, G.H.-6 Corner, Sector 29, Gandhinagar 382030. | Office No.11, Sundaram Appartment, Udhana Naher Road, Udhna-395002 (Surat) Gujarat |

CRIME FORCE HELPLINE No. : 092746 76760

CRIME FORCE

सत्यमेव जयते

# अनुक्रमणिका...


| | |
|---|---|
| राजकीय | 05 |
| सुपर हिरो | 08 |
| पुलिस स्पेश्यल | 12 |
| बालक का लालन-पालन | 16 |
| इतिहासकी अटारीओ से... | 23 |
| अनुकरणीय | 26 |
| प्रशंसनिय | 28 |
| ओफबीट | 30 |
| जानने लायक... | 32 |
| अंडर वर्ल्ड: डोंगरी से दुबई तक | 33 |


























# બંગાળમાં ભાજપ મોદીને સહારે !




રાજકીય...

◆ રણજિતસિંહ જાદવ ◆

જેમ જેમ બંગાળમાં ચૂંટણી નજીક આવતી જાય છે, તેમ તેમ ત્યાંનું વાતાવરણ તંગ થતું જાય છે. પશ્ચિમ બંગાળમાં છેલ્લા કેટલાક મહિનામાં સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માંથી મોટી સંખ્યામાં નેતાઓ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઇ ગયા છે. અને હજુ કેટલા નેતા ભાજપમાં આવશે તે નકકી નથી. આ ઘટનાથી એક વાત તો ચોકકસપણે કહી શકાય કે, ટીએમસીમાં આંતરિક ગડબડ ચાલી રહી છે. અને રાજ્યનું રાજકીય હવામાન બદલાઇ રહ્યું છે. આ પરિવર્તનથી એવા અણસાર મળી રહ્યા છે કે, ટીએમસીને આગામી વિધાનસભા ચુંટણીમાં ભાજપાનો મોટો પડકાર મળી શકે છે. જો કે ત્યાંના મતદારો હજુ અનુમાન લગાવી રહ્યા છે કે, પશ્ચિમ બંગાળમાં શું થશે? આગામી ચુંટણીમાં કોનો પક્ષ સત્તા મેળવશે. છેલ્લા ઘણા સમય થયા આ પ્રશ્નની વારંવાર ચર્ચા થાય છે કે, આગામી વિધાનસભામાં કોણ બાજી મારી જશે. એક વાત તો નકકી જ છે કે, આ વખતે ભાજપા ટીએમસીને જબરદસ્ત ટકકર આપશે. પરંતુ અહીં ટીએમસીનું પલડુ ભારી દેખાય છે.

ટીએમસીમાંથી લગભગ ૨૦ ટકા વર્તમાન અને પૂર્વ ધારાસભ્ય તથા સાંસદ ભાજપામાં જોડાઇ ચુક્યા છે. જેમાં સુવેન્દ્ર અધિકાર, રાજીવ બેનર્જી, પૂર્વ સાંસદ સુનીલ મંડલ અને રાજ્યસભાનાં સાંસદ દિનેશ ત્રિવેદી જેવા કેટલાક પ્રભાવશાળી નેતા પણ




સામેલ છે. જેમનો પોતાની સીટ પર પ્રભાવ છે. જો કે, આમ છતાં પણ તેમાંથી એકપણ નેતા મુખ્યમંત્રી મમતા બેનરજી જેટલી લોકપ્રિયતાની નજીકમાં પણ નથી. હરીફ પાર્ટીમાં પણ તેમના જેટલો કોઇપણ નેતા પ્રખ્યાત નથી. જે રીતે છેલ્લા એક દાયકામાં ભારતમાં ચૂંટણી નેતા કેન્દ્રીત છે, આ વાત ટીએમસીની તરફેણમાં જાય છે. સીએસડીએસનો રીપોર્ટ જણાવે છે કે, પ.બંગાળમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમ્યાન ૪૩% લોકોએ મમતાને મનપસંદ નેતા જણાવ્યા છે, જ્યારે ૩૭% એ મોદીને. બંગાળમાં ભાજપ માટે ચહેરાનો અભાવ મોટો પડકાર છે.


કોઇ એમ કહી શકે કે, ભાજપાએ સ્થાનિક ચહેરા વગર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં સારૂં પ્રદર્શન કર્યુ હતું અને ૫૦% વોટ સાથે ૧૮ સીટ જીતી હતી. જો કે એ ચૂંટણીમાં મોટી સંખ્યામાં મતદારોએ નરેન્દ્ર મોદીને વોટ આપ્યો હતો. સીએસડીએસનો અભ્યાસ જણાવે છે કે, પ.બંગાળમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને મત આપનારા ૩૧% લોકોએ મોદીને વોટ આપ્યો હતો. અહીં સવાલ હજુ પણ એ છે કે, શું તેમનો ચહેરો વિધાનસભા ચૂંટણીમાં પણ મદદ કરશે? હરિયાણા, દિલ્હી કે ઝારખંડની ચૂંટણી દર્શાવે છે કે, મોદીની લોકપ્રિયતા વિધાનસભા ચૂંટણીમાં મદદ કરતી નથી.

ટીએમસી નેતૃત્વમાં જ નહીં પરંતુ ભાજપાની સરખામણીમાં તેનો જનાધાર પણ મોટો છે. ટીએમસીની સર્વશ્રેષ્ઠ વિધાનસભાની ચૂંટણી ૨૦૧૧ની રહી હતી, જ્યારે તેને ૪૮.૩% વોટ મળ્યા હતા, જે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ઘટીને ૩૯.૩% થયા અને પછી ૨૦૧૬ની વિધાનસભા ચુંટણીમાં વધીને ૪૪.૯% થઇ ગયા. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદીના નામે લડેલી એક ચૂંટણીમાં ભાજપનો વોટ શેર વધીને ૪૦.૨% થયો. પરંતુ તેમ છતાં પણ ટીએમસીએ ૪૩.૨% વોટ શેર જાળવી રાખ્યો છે. જેની સામે બીજા રાજ્યોમાં જેમ કે, ઉ.પ્ર.માં સપા અને બસપા કે બિહારમાં રાજદ જેવા ક્ષેત્રીય પક્ષો મોદીના પડકાર સામે ટકી શક્યા નહીં. લોકપ્રિયતા બાબતે ભાજપાની સરખામણીએ ટીએમસી આગળ છે. ભાજપાએ ૪૦% વોટ શેર સાથે ૪૨માંથી ૧૮ લોકસભા સીટ (૧૨૧ વિધાનસભા મત વિસ્તાર)માં





જીત મેળવી. જ્યારે ટીએમસીએ ૨૨ લોકસભા સીટો જીતી. (૧૬૪ વિધાનસભા મત વિસ્તાર). બંગાળમાં ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં ભાજપાની લોકપ્રિયતા વધતાં પક્ષને રાજ્યમાં પરિવર્તનની આશા જાગી છે. જો કે, ૨૦૧૯ના ચૂંટણી પ્રદર્શનથી એવું ન માની લેવું જોઈએ કે, બંગાળના લોકોમાં સરકારમાં પરિવર્તનની ઈચ્છા છે. ભાજપાને ૨૦૧૯માં મળેલા મત કેન્દ્ર સરકારને ફરીથી ચૂંટવા માટેના હતા. ભાજપાએ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું નથી. જ્યાં તેણે લોકસભા ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું હતું. જે રાજ્યોમાં તેને લોકસભા ચૂંટણીમાં ૫૦% વોટ મળ્યા હતા. વિધાનસભા ચૂંટણીમાં વોટ શેર ૧૫% જેટલો ઘટી ગયો હતો. માત્ર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના આંતરિક વોટ શેરના ટ્રેન્ડને જોતાં ટીએમસીએ પણ સળંગ ત્રીજી વખત જીતવાનાં આત્મવિશ્વાસથી ભાગવું જોઈએ. તેના માટે ચિંતાના અનેક કારણો છે. મુસ્લિમ સિવાયના તમામ સમુદાયોના મતદારોમાં ટીએમસીનો જનાધાર ઘટ્યો છે, જ્યારે ભાજપાનો જનાધાર વધ્યો છે. જો, આવું જ રહ્યું તો ટીએમસી માટે મુશ્કેલી થઈ શકે છે. જો પાર્ટી તેને રોકી શકી તો તે સળંગ ત્રીજી જીત મેળવશે.




બાકી, સાચી ખબર તો ચૂંટણી સમયે પડશે. લોકશાહીમાં જનાદેશ હંમેશા સર્વોપરી હોય છે. અને મતદારોનાં મનમાં શું છે કે, તે કયા પક્ષ તરફ વળશે એ બાબત અકળ હોય છે. એ તો જ્યારે મતગણતરી થાય ત્યારે જ બધુ સામે આવે છે. કોણે બાજી મારી?

•••



# ભારતનાં 'જેમ્સ બોન્ડ' અજિત ડોભાલ પાકિસ્તાન માટે નાસૂર

સુપર હિરો

◆ સતીષ સોલંકી ◆


**દુ**નિયાનાં મશહૂર જાસૂસી પાત્ર 'જેમ્સ બોન્ડ'ની સાહસકથાઓ વાળી ફિલ્મો જોઇને સામાન્ય માણસ દંગ રહી જાય છે અને તેના પાત્રને મનોમન ખૂબ જ આદરભાવ અને અહોભાવથી જુએ છે.

આવા જ એક આપણા 'જેમ્સ બોન્ડ' છે, અજિત ડોભાલ. ડોભાલની જીંદગી પણ ખરેખર 'જેમ્સ બોન્ડ'ના પાત્રને મળતી આવે છે. અને તે ખરેખર આપણા દેશના સુપરમેન 'સુપર હીરો' છે તેમ કહો તો પણ ચાલે. 'જેમ્સ બોન્ડ' અજીત ડોભાલ તો રીયલ લાઇફમાં જેમ્સ બોન્ડ કરતા વધુ સાહસ ગાથાઓ ધરાવે છે.

આપણા દેશના મોસ્ટ ગ્રેટ પર્સનની યાદીમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલનું નામ મોખરે છે. તેમના ઉપર ખતરો સતત મંડરાયેલો જ રહે છે. હમણાં એક આતંકવાદીના મોબાઇલ ફોનમાંથી અજિત ડોભાલની ઓફિસ અને નિવાસસ્થાનની રેકીનો વીડિયો મળતા દેશની સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક થઇ ગઇ છે. કાશ્મીરનાં શોપિયામાંથી સુરક્ષાદળોએ ગઇ તારીખ ૬, ફેબ્રુઆરીનાં રોજ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી હિદાયતુલ્લા મલિકની ધરપકડ કરી હતી. આ આતંકવાદી પાસેથી એક વીડિયો મળ્યો હતો. તેમાં નેશનલ સિક્યોરીટી એડવાઇઝર અજિત ડોભાલની દિલ્હી ખાતેની ઓફિસ અને ઘરની આસપાસનું શુટિંગ હતું. આ વીડિયો અંગેની પૂછપરછમાં આતંકવાદી હિદાયતુલ્લાએ કબુલ્યુ કે, આ વીડિયો તેણે પાકિસ્તાનમાં ડૉક્ટરના કોડનેમ વાળી વ્યક્તિને મોકલ્યો હતો. ગયા વર્ષે તા.૨૪મી મે, ૨૦૧૯નાં રોજ તે ઇન્ડિગોની ફલાઇટમાં શ્રીનગરથી દિલ્હી આવ્યો હતો. દિલ્હીનાં સરદાર પટેલ ભવનમાં આવેલ ડોભાલની ઓફિસ ઉપરાંત ડોભાલ જ્યાં જ્યાં હોય છે ત્યાં સીઆઇએસએફનાં બંદોબસ્ત કેવો હોય છે એનો વીડિયો બનાવ્યો હતો. આમ તો અજિત ડોભાલનું સુરક્ષા કવચ એટલું બધુ મજબૂત છે કે, તેનાં સુધી પહોંચવુ જેવા તેવાનું કામ નથી. આમ છતાં આવું કંઇક મળે ત્યારે સુરક્ષા એજન્સીઓ પોતાની આંખ વધુ તીણી

કરી દેતી હોય છે.


પાકિસ્તાનમાં ફરજ બજાવી ચૂકેલા અજિત ડોભાલ પાકિસ્તાનની સેના, પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઇએસઆઇ, પાકિસ્તાનનાં આતંકવાદી સંગઠનો, પાકિસ્તાનનાં કટ્ટરવાદીઓ અને પાકિસ્તાનની મથરાવટીથી પૂરેપૂરા વાકેફ છે. પાકિસ્તાન ખાતેની ઇન્ડિયન હાઇ કમિશન ઓફિસમાં અજિત ડોભાલે છ વર્ષ સુધી સત્તાવાર ફરજ બજાવી છે. એ સિવાય પણ તેમણે પાકિસ્તાનમાં સાત વર્ષ સુધી જુદા જુદા વેશમાં રહીને અંડરકવર એજન્ટ તરીકે પણ ભૂમિકાઓ ભજવી છે. સિક્રેટ એજન્ટની કામગીરી બહાર આવતી નથી, પણ અજિત ડોભાલ વિશે એવું માનવામાં આવે છે કે, તેઓ આતંકવાદીઓનાં ઘર સુધી ઘૂસી ગયા હતા અને તેમની નાનામાં નાની વિગતો ભારતને મોકલતા હતા. તેમના કારણે જ પાકિસ્તાન અને આતંકવાદી સંગઠનોને ઘણી મેલી મુરાદમાં સફળતા મળી નહોતી. પાકિસ્તાનમાં હાથ ધરાયેલ કેટલાય ઓપરેશન્સ અજિત ડોભાલના પ્લાનિંગ મુજબ થયા છે, અને તેમણે જ તેને અમલમાં મુક્યા છે. સપ્ટેમ્બર-૨૦૧૯માં આપણા દેશે કરેલી સર્જિકલ સ્ટ્રાઇક અને ફેબ્રુઆરી ૨૦૧૯માં પાકિસ્તાન ઓકયુપાઇડ કાશ્મીરનાં બાલાકોટમાં કરાયેલી એર સ્ટ્રાઇકમાં સૌથી મહત્વની ભૂમિકા અજિત ડોભાલની જ હતી. ઉતરાખંડનાં પૌરી ગઢવાલમાં જન્મેલા અજિત ડોભાલ અત્યારે ૭૬ વર્ષના છે. પણ આ ઉંમરે પણ તેમની સ્ફુર્તિ યુવાનોને ટકકર મારે



તેવી છે. તેમનાં પિતા જી.એન.ડોભાલ પણ સેનામાં મેજર હતા. અજિત ડોભાલે ઇન્ટેલિજન્સ બ્યુરોનાં ડિરેક્ટર સહિત અનેક મહત્વની પોસ્ટ પર પોતાની ફરજ પુરી નિષ્ઠા અને ઇમાનદારીથી નિભાવી છે. આઇબીની ઓપરેશન્સ વિંગમાં તેમણે એક દાયકાથી પણ વધુ સમયે તેમને ફરજ બજાવી છે, કહેવાનો મતલબ એ છે કે, પોતાના હાથે ઓપરેશન્સ પાર પાડવાથી માંડીને સ્ટ્રેટેજી ઘડવા સુધીનાં કામમાં તેમની નિપૂણતા છે.

આપણા દેશનાં દુશ્મન નંબર વન અને દુનિયાનો મોસ્ટ વોન્ટેડ ટેરરિસ્ટ મસૂદ અઝહર અને અજિત ડોભાલ વચ્ચે પહેલેથી જ ખતરનાક ખેલ ચાલતા આવ્યા છે. મસૂદ અઝહરનાં કાને અજિત ડોભાલનું નામ પડતાં જ તેના મગજની નસો તંગ થઇ જાય છે. મસૂદ અઝહર જો કોઇનાથી ડરતો હોય તો તે અજિત ડોભાલ જ છે. મસૂદ અઝહર ને બીક છે કે, અજિત ડોભાલ ગમે ત્યારે તેને ખતમ કરી દેશે. આથી જ તે અજિત ડોભાલને નિશાન બનાવવાની એકપણ તક મળે તો તે જવા દેવા માગતો નથી.

ફેબ્રુઆરી, ૧૯૯૪માં કાશ્મીરનાં શ્રીનગર નજીકથી ખોટા આઇડેન્ટીટી પર સફર કરતા મસૂદ અઝહરને સુરક્ષા એજન્સીએ ઝડપી લીધો હતો. એ સમયે અજિત ડોભાલ ઇન્ટેલીજન્સ બ્યુરોમાં જોઇન્ટ ડાયરેકટર હતા. અજિત ડોભાલે મસૂદ અઝહરની લાંબી પૂછપરછ કરી હતી અને એ સમયે જ મસૂદની આખી કુંડળી કાઢી લીધી હતી. મસૂદની ધરપકડ બાદ પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદી સંગઠનોએ તેને છોડાવવા માટેની ખતરનાક યોજનાઓ બનાવવાનું શરૂ કરી દીધું હતું. આતંકવાદીઓએ જુલાઇ ૧૯૯૫માં કાશ્મીરમાંથી છ વિદેશી પર્યટકોનાં અપહરણ કરી લીધા હતાં. આ વિદેશી યાત્રિકોનાં બદલામાં મસૂદને છોડવાની માંગણી કરવામાં આવી હતી. વાટાઘાટો થઇ પણ આપણી સરકાર મસૂદને છોડવા માટે તૈયાર નહોતી. જે છ પર્યટકોનાં અપહરણ થયા એમાંથી




એક પર્યટક કોઇપણ રીતે ત્યાંથી બહાર નીકળી છટકી જવામાં સફળ થયો હતો અને તેનો જીવ બચી ગયો હતો. બાદમાં લગભગ એક મહીનાથી વધુ સમય થયા બાદ બાકી રહેલા પાંચ પર્યટકોની લાશ મળી આવી હતી. પાંચ વર્ષ મસૂદ અઝહર જેલમાં જ હતો. પણ એક ઘટનાને કારણે આપણા દેશે મસૂદ અઝહરને નાછૂટકે છોડવો પડ્યો હતો. ડિસેમ્બર ૧૯૯૯માં આતંકવાદીઓએ નેપાળના કઠમંડુથી દિલ્હી આવતી ઇન્ડિયન એરલાઇન્સની ફલાઇટ નંબર આઇસી-૮૧૪ હાઇજેક કરી લીધી હતી. જેણે પ્લેન હાઇજેક કર્યુ હતુ એ પાંચ હાઇજેકરોમાંથી એક મસૂદનો ભાઇ ઇબ્રાહિમ હતો. હાઇજેક કરાયેલા વિમાનને અમૃતસર, લાહોર, દુબઇ અને છેલ્લે અફઘાનિસ્તાનનાં કંદહારમાં લઇ જવાયું હતું. વિમાનમાં પાંચ હાઇજેકરો સહિત ૧૭૬ મુસાફરો અને પંદર ક્રુ મેમ્બર્સ હતા. યાત્રિકોને છોડાવવાનાં બદલામાં આતંકવાદીઓએ ભારતની જેલમાં બંધ રહેલા મસૂદ અઝહર, મુસ્તાક અહેમદ ઝરગર અને અહમદ ઓમાર સઇદ શેખને છોડવાની માંગણી કરી હતી. એ વખતે ફરીથી મસૂદ અઝહર અને અજિત ડોભાલનો આમનો-સામનો થયો હતો. આતંકવાદીઓ સાથે જે નેગોશીએસન કરવામાં આવ્યું હતું તેની ટીમમાં અજિત ડોભાલ હતા. આપણા એ વખતના વિદેશ પ્રધાન જશવંતસિંહ આતંકવાદીઓને મૂકવા અને આપણા પેસેન્જરોને છોડાવવા અફઘાનિસ્તાન ગયા હતાં. એવું કહેવાતુ હતુ કે, એ પહેલા અજિત ડોભાલ અફઘાનિસ્તાન પહોંચી ગયા હતા. એ સમયથી અજિત ડોભાલ માટે પણ મસૂદ અઝહર ટાર્ગેટ રહ્યો છે.

પાકિસ્તાની અને કાશ્મીરી આતંકવાદીઓ ઉપરાંત ખાલીસ્તાની આતંકવાદીઓનાં હિટ લિસ્ટમાં પણ અજિત ડોભાલનું નામ મોખરે છે. ૧૯૯૮માં ખાલિસ્તાનની માંગણી કરતો જરનૈલસિંગ ભિંદરણવાલે પોતાના માણસો અને વિપુલ પ્રમાણમાં હથિયારો સાથે અમૃતસરનાં સુવર્ણ મંદિરમાં છૂપાયો હતો. એ સમયે અજિત ડોભાલે રીક્ષા ચાલક બનીને ત્યાંની બધી પરિસ્થિતિ પર નજર રાખી હતી. ઓપરેશન બ્લેક થંડરના બે દિવસ પહેલા અજિત ડોભાલ મંદિરની છેક અંદર ઘુસી ગયા હતા અને આતંકવાદીઓની તૈયારી કેવી છે તેનું નિરીક્ષણ કરીને તેમની તમામ નાની-મોટી માહિતીઓ એકત્રિત કરી હતી. આ સમયમાં એક તબકકો તો એવો પણ આવ્યો હતો કે, તેમણે એમ કહીને આતંકવાદીઓનો વિશ્વાસ જીત્યો હતો કે તેમને પાકિસ્તાને ખાલીસ્તાનીઓની મદદ માટે મોકલ્યો છે. ઓપરેશન બ્લેક થંડર વિશે જે વાતો બહાર આવી છે તેમાં પણ એવું કહેવાયું છે કે અજિત ડોભાલે અમૃતસરનાં સુવર્ણમંદિરમાં ઘૂસી જઇને જે જે માહિતી કે નકશાઓ મેળવી આપ્યા હતા. એજ હુમલા વખતે કામ લાગ્યા હતા. પાકિસ્તાન, કાશ્મીર, પંજાબ ઉપરાંત મિઝોરમ સહિત અનેક રાજ્યોમાં અજિત ડોભાલે અનેક મહત્વનાં ઓપરેશનો પાર પાડ્યા છે. પોતાની ફરજ

દરમ્યાન તેઓ પોતાનો જીવ જોખમમાં મૂકતા ક્યારેય અચકાતા નહીં. અજિત ડોભાલ વિશે સુરક્ષા એજન્સીઓ તો એટલે સુધી કહે છે કે, જે વ્યક્તિ આતંકવાદી સંગઠનોમાં ઘૂસી જઇને પરત આવ્યો હોય તેને આતંકવાદીઓથી શેની બીક લાગે? અત્યારે તો એ સુરક્ષા કવચ વચ્ચે જ છે. જો કે એટલે જ વધુ મહત્વનું બની જાય છે. કારણ કે આટલી સુરક્ષા છતાં જો એમને કાંઇ થઇ જાય તો દેશની સુરક્ષા સામે સવાલ ઉભો થાય અને દેશની આબરૂને બટ્ટો લાગી જાય. આતંકવાદીઓ કોઇપણ હદ સુધી જઇ શકે છે. હજુ જાન્યુઆરી માસમાં જ દિલ્હીમાં આતંકવાદીઓએ ઇઝરાયેલની એમ્બેસી બહાર બ્લાસ્ટ કર્યો હતો. આપણી સરકારે કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ હટાવી લીધી એ પછી કાશ્મીરમાં શાંતી જળવાય રહે એ માટે પણ અજિત ડોભાલ સતત



કાર્યરત રહ્યા છે. કાશ્મીરમાં જ્યારે કર્ફ્યુ હતો અને વાતાવરણ તંગ હતું એ સમયે ડોભાલ કાશ્મીર ગયા હતા અને ત્યાં તેમણે કાશ્મીરીઓ સાથે ભોજન પણ લીધું હતું. કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યુ એ પછી કોઇ અનિચ્છનીય બનાવ ન બને એના માટે જે સજ્જડ બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં અજિત ડોભાલનાં સૂચનો મહત્વનાં હતા. એ વાત તો બધા લોકો જાણે જ છે કે, અજિત ડોભાલ નરેન્દ્ર મોદીની ગુડ બુકમાં છે. નરેન્દ્ર મોદી જ્યારે પહેલી વખત વડાપ્રધાન બન્યા ત્યારે થોડા દિવસમાં જ એટલે કે ૩૦મી મે, ૨૦૧૪નાં રોજ અજિત ડોભાલને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નીમવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમને નેશનલ સિક્યોરીટી એજન્સી અને સ્ટ્રેટેજિક પોલિસી ગૃપમાં પણ સચિવ તરીકે સામેલ કરવામાં આવ્યા છે. નરેન્દ્ર મોદી બીજી વખત વડાપ્રધાન બનતા અજિત ડોભાલને પણ વધુ પાંચ વર્ષ માટે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે એક્સ્ટેન્શન આપવામાં આવ્યું હતું. અજિત ડોભાલને કેબિનેટ પ્રધાનની કક્ષાનો દરજ્જો મળેલો છે.




આવા આપણા સુપરમેન, સુપર હીરો, જેમ્સ બોન્ડ એવા અજિત ડોભાલ ઉપર જરાપણ ખતરો જોવામાં આવે તો આપણી સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક થઇ જાય એ સ્વાભાવિક છે. કારણ કે, ડોભાલની મૌજુદગી આપણા દેશ માટે ગૌરવની વાત છે અને દુશ્મન દેશો માટે 'નાસુર' સમાન છે. ●●●

## કાર્યદક્ષ અને સંનિષ્ઠ IPS ઓફીસર

# મનોહરસિંહ એન. જાડેજા

## DCP-RAJKOT



મિત્રો, આપ સૌ જાણતા જ હશો કે, અમે અમારા મેગેઝીનમાં વખતોવખત આપણા દેશના જાંબાઝ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ IPS ઓફિસરના આર્ટીકલ્સ છાપીએ છીએ. જેનાથી લોકો તેના વિશે જાણકારી મેળવી શકે, અને એમના પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે.

આજે આપણે એવા જ એક સંનિષ્ઠ અને કાર્યદક્ષ IPS ઓફીસર મનોહરસિંહ એન. જાડેજા જે હાલમાં રાજકોટ શહેરમાં DCPના પદને શોભાવે છે વિષે જાણકારી મેળવીશું.

જાડેજા સાહેબનો જન્મ સૌરાષ્ટ્રના જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના નાનકડા ગામ જાબીડામાં નટવરસિંહ અને હસુબા જાડેજાને ત્યાં તા.૨૬/૨/૭૫ના રોજ થયો હતો. જે ગામનો એક સામાન્ય પરિવાર હતો. જાડેજા સાહેબે પોતાનું


**પોલિસ સ્પેશ્યલ**

◆ વિજય સાણથરા ◆

પ્રાથમિક શિક્ષણ પોતાના ગામ જાબીડામાં જ મેળવ્યું હતું. જ્યારે માધ્યમિક શિક્ષણ માટે કાકાને ઘેર જામનગર જતા રહ્યાં હતાં જ્યાં તેમણે ધો.૧૧-૧૨ માટે સ્વામીનારાયણ ગુરૂકુળમાં એડમીશન લીધું હતું અને શિક્ષા પુરી કરી હતી. ગ્રેજ્યુએશન માટે તેમણે DKV સાયન્સ કોલેજમાં એડમીશન લીધું હતું અને કેમીસ્ટ્રી સાથે B.Sc.ની ડીગ્રી મેળવી હતી. પરંતુ તેમને હજુ વધુ અભ્યાસ કરવાની તમન્ના હતી એટલા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાંથી M.Sc.ની ડિગ્રી પણ મેળવી.

M.Sc.ની ડિગ્રી મેળવ્યા બાદ જાડેજા સાહેબે ૧૯૯૮-૯૯ના સમય દરમ્યાન અંબુજા સિમેન્ટ, કોડીનાર ખાતે પ્રોબેશનલ ઓફિસરના હોદ્દા ઉપર નોકરી કરી હતી. ત્યારબાદ ૨૦૦૦ના વર્ષમાં આસિસ્ટન્ટ સ્ટેશન માસ્ટરના પદ પર રાજકોટ રેલ્વે ડિવિઝનમાં પણ ૮ મહિના માટે નોકરી કરી હતી. વર્ષ ૨૦૦૧માં તેઓ LIC માં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે નડિયાદ ખાતે કાર્યરત રહ્યા.

૨૦૦૪-૨૦૦૫માં જાડેજા સાહેબે GPSCની પરીક્ષા આપી પણ ઉત્તીર્ણ ન થયા. છતાં પણ નિરાશ થયા વગર તેઓએ નક્કી કર્યું કે મારે



ગમે એટલી મહેનત કરવી પડે પરંતુ GPSCની પરીક્ષા પાસ કરવી જ છે. આમ વર્ષ ૨૦૧૦માં (તે સમયે GPSCની પરીક્ષા દર પાંચ વર્ષ પછી લેવાતી હતી) ફરીથી GPSCની પરીક્ષા આપી અને તેઓની અથાગ મહેનત અને લગન કામ કરી ગઇ અને તેઓ એ પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે રેન્ક પ્રાપ્ત કર્યો.

GPSCની પરીક્ષામાં પાસ થયા બાદ તેઓને પોલીસ ડિપાર્ટમેન્ટની તાલીમ માટે પસંદ કરાયા અને તાલીમ માટે કરાઇ માં મોકલવામાં આવ્યા. ત્યાં તેઓએ અંદાજે સવા વર્ષ કઠીન કમાન્ડો પોલીસ ટ્રેનીંગ લીધી.

જાડેજા સાહેબે કરાઇની પોલીસ તાલીમ સફળતાપૂર્વક પુરી કર્યા બાદ ૨૦૧૨-૧૩માં બનાસકાંઠામાં પ્રોબેશનલ Dy.S.P.ના પદ ઉપર પહેલી પોસ્ટીંગ મળી. પોતાની પ્રથમ પોસ્ટીંગના સમયે કુશળતાનો પરીચય આપતા થરાડ, દિયોદર જેવા અલગ અલગ ડિવીઝનની શરૂઆત કરાવી.

બનાસકાંઠામાં દોઢ વર્ષની પોસ્ટીંગ પછી જાડેજા સાહેબને Dy.S.P.ના પદ પર રાજપીપળાના નર્મદા ખાતે નિયુકત કરવામાં આવ્યા. નર્મદા ખાતે સાહેબે ૨૦૧૩-૨૦૧૭ના ચાર વર્ષ દરમ્યાન પોતાની ફરજ કુશળતા અને ઇમાનદારીથી નિભાવી. આજ કાર્યકાળ દરમ્યાન જાડેજા સાહેબે પોતાની કુશળતાનો પરીચય આપતા નર્મદા ડેમ ડેવલપમેન્ટ ખાતે ખુબ જ મહત્વની ભૂમિકા નિભાવી હતી, કારણ કે ત્યારે મેધા પાટકરના નેતૃત્વમાં નર્મદા બચાવ આંદોલન ખુબ જ જોરશોરથી ચાલુ હતું. આ સમયે સાહેબે ખુબજ કુશળતાથી ત્યાંના લોકોને સંભાળ્યા હતાં.

જાડેજા સાહેબ સાથે વાતચીત દરમ્યાન તેઓએ પોતાનો એક કિસ્સો જણાવ્યો તે આજે પણ તેઓને યાદ રહી ગયો છે જે નર્મદા બચાવ આંદોલન સમયે બન્યો હતો. એ સમયે મેધા પાટકર સેંકડો લોકો સાથે ગુજરાત બોર્ડરમાં દાખલ થવા માટે પ્રયાસ કરી રહ્યા હતાં ત્યારે તેઓને ઉપરી અધિકારીઓનો મેસેજ આવ્યો કે આંદોલનકારીઓને કોઇપણ હાલતમાં ત્યાં જ રોકવાના છે. એ લોકોને ગુજરાતમાં પ્રવેશવા દેવાના નથી. અને બડવાણી, મધ્યપ્રદેશ (જે નર્મદા બચાવ આંદોલન સિમતિનું મુખ્ય મથક હતું) ખાતે ફરીથી લઇ જઇને ત્યાં જ છોડી દેવાના છે. ઓર્ડર આવતા જ સાહેબે કાનુનના દાયરામાં રહીને કાર્યવાહી કરી અને આંદોલનકારીઓને તેની સાચી જગ્યાએ પહોંચાડી દીધા હતાં. ત્યાં પહોંચી તો ગયા પણ તે જગ્યાએ અંદાજે ચાર થી પાંચ હજાર લોકો ભેગા થઇ ગયા હતાં અને તેઓએ જાડેજા સાહેબ અને તેની ટીમની ઘેરાબંધી કરી લીધી હતી. બાદમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સઘન પ્રયાસોથી તે બધાનો ૨૪ કલાક પછી ત્યાંથી છુટકારો થયો



હતો અને સહીસલામત પાછા ગુજરાત પહોંચી શક્યા હતાં.

એકવાર નર્મદા ખાતે પોતાની ફરજ દરમ્યાન વડાપ્રધાન મોદીની નર્મદા ડેમની મુલાકાત નક્કી થઇ, ત્યાંના અંદાજીત ૫૦૦ સ્થાનિક લોકોએ ધરણા શરૂ કર્યા અને રસ્તો જામ કરીને બેસી ગયા હતાં ત્યારે જાડેજા સાહેબે પોતાની કુશળતાથી એ લોકોને સમજાવી અને રસ્તો ખાલી કરાવ્યો હતો.

નર્મદા ડેમના લોકાર્પણ થયા પછી જ જાડેજા સાહેબની ત્યાંથી ૨૦૧૭માં ધોળકા ખાતે Dy.S.P. તરીકે બદલી કરવામાં આવી અને બાદમાં પ્રમોશન આપીને ત્યાં Ad. S.P. બનાવાયા હતાં.

નર્મદા ખાતેના ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાન બાબતે જાડેજા સાહેબ જણાવે છે કે નર્મદાના કાર્યકાળ દરમ્યાન મને ઘણું જ શીખવાનું મળ્યું અને જાણવાનું મળ્યું જે મને આજીવન યાદ રહેશે. નર્મદાના પોતાના કાર્યકાળ દરમ્યાનની સમાપ્તી વખતે સાહેબે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મુકી હતી જે તેઓની કાર્યદક્ષતા, ઇમાનદારી અને કુશળતાની ગવાહી આપે છે. જે અમે અહીં તેઓના શબ્દોમાં જ રજુ કરી રહ્યા છીએ....

"પાવન, પ્રાકૃતિક, નખશીખ નિર્દોષ એવી નર્મદા ભૂમિને અલવિદા. મારો નર્મદામાં પોલીસ અધિકારી તરીકેનો કાર્યકાળ પૂરો થયાની માહિતી મળી તેની સાથે જ અહીં વિતાવેલા વર્ષો, થયેલા અનુભવો, મળેલા લોકો, માણેલી પ્રકૃતિ બધુ જ એક સાથે આંખો સમક્ષ આવીને ઉભું રહ્યું. - બહારની દુનિયામાં નર્મદા એક અંતરિયાળ અને ઓછો વિકસીત વિસ્તાર ગણાય છે, પણ પ્રકૃતિ અને માનવમૂલ્યોના સંવર્ધનમાં આ ભૂમિ ક્યાંય આગળ છે એવું હું જાત અનુભવે માનું છું. તે મહાત્મા ગાંધી હરીજનના જે ઉમદા માનવીની વાત કરતા હતી એના વિશે અનેકવાર વાંચેલું અને સાંભળેલું. પણ અહીંના જંગલ વિસ્તારમાં એને પહેલી વાર મળવાનું પણ થયુ. અધિકારી તરીકેના મારા કાર્યકાળ દરમિયાન થયેલા અનેક અનુભવ એ મારા વ્યક્તિત્વ પર ઊંડી છાપ છોડી છે. બહુ થોડા વર્ષોના અનુભવો હોવા છતાં એ જીવનપર્યંત મારી સંવેદનશીલતાને જીવંત રાખવા પર્યાપ્ત છે.

અહીંયા ભારેખમ પુસ્તકોનો બોજ ઉપાડીને ખુલ્લા પગે, માઇલોનું અંતર પગપાળા જ કાપીને ભણવા માટે શાળા એ જતા બાળકોને જોયા છે. એમના સપનાઓ કઇ બહુ મોટા નહિ હોય, એમની મથામણ તો એ જ્ઞાન શીખવાની છે જેનાથી અસ્તિત્વ ટકાવી શકાય. પોતાનાથી ખૂબ આગળ નીકળી ગયેલી દુનિયાને આંબવા માટેનો જે સંઘર્ષ જોઇએ તો નતમસ્તક થઈ જવાય. એવા હૃદયદ્રાવક કિસ્સાઓ પણ જોયા છે જેમાં પૈસાના અભાવે લોકો પોતાના આપ્તજનોને વડોદરાની સરકારી હોસ્પિટલમાં પણ ન પહોંચાડી શકતા હોય, કદાચ બીમારીની આ તકલીફ અને અસહનીય દર્દ એમને વધારે સસ્તું પડતું હશે.

ઘણીવાર તો લોકોના જીવનનો આ શાલીન સંઘર્ષ, સારું જીવન જીવવાના અરમાન, ને કંઈક સારું થશે એવા આશાવાદે મને પણ ઘણી વાર પ્રેરણા આપી છે.


મારા કાર્યકાળની અવધિ દરમિયાન આ વિસ્તારને જાણ્યા પછી માટે કંઈક કરી જવું એવો સંકલ્પ કરેલો., લોકોના આદર-સત્કાર, સહકર્મીઓના સાથ અને ઉપરીઓ ના માર્ગદર્શન માં થોડું કામ આ વિસ્તાર માટે કરી શક્યો એનો સંતોષ લઈને જાઉં છું.

એમાં મુખ્યત્વે આદિવાસી વિસ્તારમાં નો પ્રથમ ISO પ્રમાણિત પોલીસ સ્ટેશનો અને રાજપીપળા ડિવિઝન, આદિવાસી પૂર્વપટ્ટીમાં પ્રથમ સ્માર્ટ પોલીસ સ્ટેશન, આદિવાસી વિસ્તારની દીકરીઓને અન્ય સમાજોમાં વેચી દેવાના કેસોમાં કડકાઈપૂર્વક કામગીરી કરીને આ બદી ને નાબૂદ કરવાનો પ્રયાસ, લોકો સાથે સીધો જ સંવાદ સ્થાપિત કરીને પ્રશ્નોના નિરાકરણનો પ્રયાસ

હૃદયથી કરેલા પ્રયાસો, દારૂબંધીને માત્ર કાયદાકીય નહિ એક સામાજિક સ્વરૂપ આપ્યુંને પરિણામે ગુજરાતમાં પ્રથમવાર ગ્રામપંચાયતોએ ઠરાવ પસાર કરી ને દારૂ વેચનાર અને પીનાર બંને પાસે ભારે દંડ વસૂલવાની જોગવાઈ કરી, વર્ષોના સંઘર્ષ બાદ નર્મદાડેમનો રાષ્ટ્રને લોકાર્પણનો ઐતિહાસિક દિવસ આવ્યો ત્યારે સ્થાનિક પોલીસ અધિકારી તરીકે અગત્યની ભૂમિકા ભજવી, આપણા અગત્યના તહેવારો અંતરિયાળ ગામડાઓમાં જઈને પોલીસ અને વંચિતો સાથે ઉજવે એવી પરંપરા ની શરુઆત કરી, જિલ્લાના ૧૧૦૦ જેટલા અત્યંત ગરીબ વિદ્યાર્થીઓને પોલીસ પરીક્ષા માટે માર્ગદર્શન આપી તૈયાર કર્યા અને તેમાંથી ૨૬૦ વિદ્યાર્થીઓ પોલીસ તરીકે પસંદગી પણ પામ્યા,. એમના જીવન બદલવામાં નિમિત્ત બની શક્યો એની ખુશી છે.

નર્મદાની પવિત્ર ભૂમિ પર હંમેશા ઈશ્વર અને સત્યની નજીક રહેવાનો પ્રયત્ન કર્યો છે. અહીંયા આવ્યા પછી ઈશ્વર પ્રત્યેની મારી શ્રદ્ધા વધુ મજબૂત થઈ છે... ને પોલીસ અધિકારી તરીકે મારો કાર્યકાળ અને સંબંધ અહીંયા પૂર્ણ ભલે થતો હોય, પણ એક વ્યક્તિ તરીકે આ સંબંધ કાયમી રહેશે.

જ્યારે પણ અવસર મળશે પ્રકૃતિના ખોળામાં ફરી આવીશ અને આવતો જ રહીશ. આ ૪ વર્ષના કાર્યકાળમાં અહીંના લોકો એ જે અદભૂત પ્રેમનો વરસાદ વરસાવ્યો છે તે માટે તેમને હું નતમસ્તક નમન કરું છું, અને જીવનભર તેમનો



ઋણી રહીશ.

◆ **મનોહરસિંહ એન. જાડેજા''**

જાડેજા સાહેબની આ સોશ્યલ પોસ્ટથી તેમના હૃદયમાં રહેલી સામાન્ય-ગરીબ-જરૂરતમંદ માણસો પ્રત્યે કરૂણા છલકાય છે અને તેમના વિકાસ અને સગવડતા માટે તેઓ હંમેશા તૈયાર રહે છે એ સાબિત થાય છે.

કરડાકી ભરી પોતાની પદની જવાબદારી ઉપરાંત પોતાના કોમળ હૃદયનો પરિચય આપણને આપે છે. સાહસિકતા સાથે કુદરત પ્રત્યેનો પ્રેમ અને સામાન્ય માણસની કાળજીની ચિંતા કરવી એ ગુણ બધી વ્યક્તિઓમાં જોવા મળતો નથી. આજ ગુણો જાડેજા સાહેબને સામાન્ય માનવીથી અલગ પાડે છે.

ત્યારબાદ વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી જાડેજા સાહેબ રાજકોટ શહેરમાં DCP ના હોદ્દા ઉપર પોતાની ફરજ કુશળતા અને ઇમાનદારીથી નિભાવે છે. અહીં સાહેબે પોતાની ફરજ દરમ્યાન કેટલાય કેસો પોતાની કુશળતાથી સોલ્વ કર્યા છે.

જાડેજા સાહેબને જ્યારે ક્રાઇમ ફોર્સ દ્વારા પુછવામાં આવ્યું કે, યુવાનો માટે સફળ થવા માટેનો કોઇ મંત્ર હોય તો બતાવો... તો સાહેબે ખુબ જ નિખાલસતાથી કહ્યું કે ''સફળતાનો કોઇ શોર્ટ કટ નથી હોતો, સફળતા મેળવવા માટે કઠોર પરીશ્રમ, દ્રઢ સંકલ્પ અને ઇમાનદારી હોવી ખુબ જ જરૂરી છે. પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે જે પણ કઠીન થી કઠીન સમસ્યાઓ આવે તો પણ તેનો ધીરજથી સામનો કરો. સફળતા ખુદ તમારા કદમો ચુમશે.''

આવા કર્મવીર IPS ઓફીસર મનોહરસિંહ જાડેજાને 'ક્રાઇમ ફોર્સ'ની ટીમ તરફથી એક વાર ફરી ધન્યવાદ અને બેસ્ટ ઓફ લક. જયહિન્દ. ●●●





# બાળક એ કૂમળો છોડ છે, એને જેમ વાળશો એમ વળશે

**બાળકનું ઘડતર**

◆ મનીષાબેન વાળા ◆

માતા-પિતા આજીવન બાળકનું ઘડતર કરે છે. જેમાં શિશુ અવસ્થા, બાલ્યાવસ્થા કે પૂર્વ કિશોરાવસ્થા સુધી તો ખાસ કોઇ ગંભીર પ્રશ્નો આવતા નથી, પરંતુ ત્યારપછીની અવસ્થાઓમાં સંતાનોને કેળવવાનું ઘણું કપરૂ થઇ પડે છે. કારણ કે આ અવસ્થાઓમાં સંતાનો પોતાની સ્વતંત્ર વિચારસરણી ધરાવતા થઇ જતાં હોય છે. આથી માતા-પિતા માટે આ સમયગાળામાં સંતાનોને નિયમનમાં રાખવાનું કામ પ્રમાણમાં ખૂબ અઘરૂં સાબિત થાય છે.

પ્રાચીન જીવન શૈલીની તુલનામાં આજની જીવન શૈલીમાં મોટા પ્રમાણમાં ફેરફારો થયા હોવાથી બાળકનો યોગ્ય ઉછેર કરવા છતાં પણ સંસ્કારોની જાળવણી કરવાનું કામ દિન-પ્રતિદિન વધુને વધુ મુશ્કેલ બનતું જાય છે. ઘરમાં માતા-પિતાનું ઘણું નિયમન રાખવા છતાં બહારની દુનિયા સાથે વધુ સંપર્કમાં આવવાથી બાળક જે સંસ્કારો, જે વિચારો લઇને આવે છે તેનાંથી તેના બગડવામાં પૂરા ચાન્સીસ રહે છે. જો કે, એક અમેરિકન ધર્માચાર્ય હોરિયો બેલોએ કહ્યું છે કે, બાળકનાં શિક્ષણ અને સંસ્કારની શરૂઆત તેની જનેતાના ખોળામાંથી થાય છે. માઁ ના દરેક શબ્દો બાળકનાં ચારિત્ર્યનું ઘડતર કરે છે. આમ પણ જે પરિવારમાં સુખ અને સંતોષનો વાસ હોય ત્યાં બાળકને સુસંસ્કાર મળવાની તકો વધુ રહે છે.

અનેક પ્રકારના પ્રશ્નોનાં નિરાકરણ માટે સૌ પ્રથમ તો બાળકના માનસને સમજવું ખૂબ જ જરૂરી છે. પૂર્વ કિશોરાવસ્થામાં એ માતા-પિતા માટે ચેતવણીનો સમય છે કે, તેમનું સંતાન હવે મોટુ થઇ ગયુ છે. આ એજ સમય છે જેમાં બાળકમાં જાતીય આવેગો પેદા થાય છે અને સાથોસાથ માનસિક અવસ્થામાં પણ એકાએક ઘણું પરિવર્તન આવતું હોવાને કારણે તેમણે ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે. કિશોરાવસ્થામાં બાળકને સ્વતંત્ર રહેવાની પ્રબળ ઇચ્છા થાય છે અને તેને પરિવારજનો કરતા મિત્રો સાથે રહેવું વધારે ગમે છે. આજ એ સમય છે કે માતા-પિતાએ બાળકના મિત્ર બનીને બહારની દુનિયાને શક્ય એટલી ઘરમાં લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. ઘર છોડીને ભાગી જવાના કે માઁ-બાપનાં ઠપકા પર આપઘાત કરી લેવાના કિસ્સાઓ પણ મોટા ભાગે આ ઉંમરમાં જ બનતા હોય છે. આથી આવા સમયે હકારાત્મક અને સમાધાનકારી વલણ અપનાવવામાં આવે તો બાળક ઘરથી કે ઘરનાં સભ્યોથી દૂર જવા નહીં પ્રેરાય. આ ઉંમરમાં બાળકને એકલા રહી સ્વપ્નો જોવા ખુબ જ ગમે છે. તો આવા સમયે



માતા-પિતાએ તેને સ્નેહપૂર્વક આવા દીવાસ્વપ્નોને વાસ્તવિક દુનિયામાં પરિવર્તિત કરવા શક્ય એટલો વધુ પ્રયત્ન કરવો જોઇએ.

૨૧મી સદી એ સ્ત્રીઓની સદી ગણાય છે. સ્ત્રી ધારે તો ઉત્તમ સંતાનો દ્વારા આદર્શ સમાજનું નિર્માણ ચોક્કસપણે કરી શકે. કારણ કે બાળક પર સૌથી પહેલો પ્રભાવ તેની માતાનો જ પડે છે. આથી જ મહર્ષિ અરવિંદે કહ્યું છે કે, બાળકનાં અંતઃકરણમાં અને અધર પર રમતા પ્રભુનું બીજું નામ માઁ છે. આ બાળક તન-મનથી સ્વસ્થ હશે તો જ સમાજ અને આપણો ભારત દેશ સ્વસ્થ રહેશે. આપણે આ બંનેને સ્વસ્થ જોવા હોય તો સૌ પ્રથમ બાળકના માતા સ્વસ્થ હોવી ખૂબ જ જરૂરી છે. જો માતા દૃઢ નિશ્ચયી અને હોંશિયાર હશે તોજ બાળકોનો ઉછેર યોગ્ય રીતે કરી શકશે.

અગાઉનાં સમયમાં રાત્રે જ્યારે બાળક સૂવાની તૈયારી કરે ત્યારે માતા તેને બાળ વાર્તા કે બાળ ગીતો સંભળાવતી. આવી વાર્તાઓમાં કે ગીતોમાં ધર્મ, જ્ઞાન અને ઇતિહાસ આવતુ હોવાથી બાળક આવા જરૂરી વિષયોથી સારી રીતે પરિચિત રહેતું. આવી વાતો સાંભળીને બાળક શાંતિથી ઉંઘી જતું હોવાથી એનામાં એવા સુસંસ્કારોનું આપોઆપ નિર્માણ થઇ જતું. જ્યારે આજનાં મશીન જેવી જીંદગી જીવતાં માઁ-બાપ આખા દિવસના થાકને કારણે લોથપોથ થઇ જતા હોવાથી ઘરે આવતા જ બાળકો પર રાડારાડ કરતા જોવા મળે છે. અધુરામાં પુરૂ હોય તેમ ઘરમાં આવેલા 'ઇડિયટ બોક્સ' (ટીવી) પર કાર્યક્રમો જોતા જોતા જ માતા અને સંતાનો ઝોંકા ખાવા માંડે છે. આજે માતા કે સંતાન બંનેમાંથી કોઇની પાસે વાર્તા કહેવાનો કે સાંભળવાનો સમય જ કયાં છે? સંતાનો સીરીયલો કે ફિલ્મોમાંથી હિંસા અને વાસનાના દ્રશ્યો જોતા જોતા જ સુઇ જાય છે. પછી આખો દિવસ બસ ઢિસૂમ-ઢિસૂમ જ કર્યા કરે છે. આમાં વાંક કોનો? અણસમજુ બાળકનો કે સમજદાર હોવા છતાં પણ અણસમજુ જેવો વ્યવહાર કરનારા માતા-પિતાનો?

આપણું બાળક કયારેય જૂઠ ન બોલે તે આપણે જ તેને શીખવવું જોઇએ. આપણે તેને એ પણ શીખવવું જોઇએ કે જ્યારે બે માણસો બોલતા હોય ત્યારે વચ્ચે ન બોલવું જોઇએ. અન્યોને માનથી બોલાવવા જોઇએ. વડીલોનો પૂરતો આદર કરવો અને એમના પ્રત્યે સેવા-ભાવ દાખવવો એ પણ આપણે જ બાળકને શીખવવું જોઇએ.

ઉઠવા-બેસવાની યોગ્ય રીત, કપડા વ્યવસ્થિત પહેરવા, વિવેક દાખવવો કે આપણે ભલે જે ધર્મમાં માનતા હોય પરંતુ અન્ય ધર્મ વિશે પણ આદર ભાવ ધરાવવા જેવી બાબતો શીખવવી જોઇએ. જેથી તે બીજા ધર્મો વિષે જાહેરમાં કે ઘરમાં એલફેલ બોલવાની કોશિષ ના કરે. તેને અહિંસા અને ક્ષમાનાં પાઠો પણ શિખવાડવા જોઇએ. બાળક સમયસર ઉઠે, રાત્રે સમયસર સૂવે, નિયમિત રીતે પોતાની સ્કુલનું હોમવર્ક યોગ્ય રીતે કરે તે પણ આપણે જ તેને

**અનેક પ્રકારના પ્રશ્નોનાં નિરાકરણ માટે સૌ પ્રથમ તો બાળકના માનસને સમજવું ખૂબ જ જરૂરી છે. પૂર્વ કિશોરાવસ્થામાં એ માતા-પિતા માટે ચેતવણીનો સમય છે કે, તેમનું સંતાન હવે મોટુ થઇ ગયુ છે. આ એજ સમય છે જેમાં બાળકમાં જાતીય આવેગો પેદા થાય છે અને સાથોસાથ માનસિક અવસ્થામાં પણ એકાએક ઘણું પરિવર્તન આવતું હોવાને કારણે તેમણે ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે.**

શીખવવું પડે છે. અને બાળક જ્યારે આવું યોગ્ય વર્તન કરે ત્યારે બિરદાવવાનો પણ મોકો માતા-પિતાએ જતો ન કરવો જોઇએ. બાળક પ્રશંસનીય કાર્ય કરે તો તેની પીઠ થપથપાવવાનો હંમેશા આગ્રહ રાખો. બાળક ટીવી, કોમ્પ્યુટર કે મોબાઇલનો ઉપયોગ મર્યાદિત સમય માટે કરે તેના માટે પણ આપણે જ યોગ્ય પ્રયત્નો કરવા જોઇએ. અત્યારનાં આ આધુનિકરણનાં યુગમાં તો માતા-પિતાને પોતાના ઘરના બે છેડા ભેગા કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવુ પડે છે. હવે તો પુરૂષ સાથે સાથે મહિલાઓ પણ નોકરી કરતી થઇ ગઇ હોવાથી માતા-પિતા બંનેને બાળકો માટે પૂરતો સમય મળતો નથી. આમ છતાં પણ સમય કાઢીને પણ બાળકનો ઉછેર યોગ્ય રીતે થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. અત્યારે તો જન્મનાં થોડા માસ માં જ બાળકને મોબાઇલની ટેવ પાડી દેવામાં આવે છે. સમયનાં અભાવે માઁ બાળક જ્યારે રોવે ત્યારે તેને મોબાઇલમાં જ ગીતો-વિડિયો ચાલુ કરીને આપે છે. જેથી તે પોતાનું કાર્ય પણ કરી શકે અને બાળક શાંત થઇ જાય. પણ આની આડઅસર એ થાય છે કે, બાળકને નાનપણથી મોબાઇલનું



દુષણ લાગુ પડી જાય છે. આથી શકય હોય ત્યાંથી બાળકને મોબાઇલથી દૂર જ રાખવું જોઇએ. કારણ કે નાનપણથી જ મોબાઇલનો ઉપયોગ કરવાથી બાળકનાં શરીર અને મગજ પર વિપરિત અસર થાય છે. જેમાં આંખો ખરાબ થઇ શકે છે. તો જીદ્દી બની જવાથી માનસિક રીતે પણ તે નબળો બની જાય છે.

સમયે સમયે બાળકને તેને માટે યોગ્ય હોય એવા નાના-મોટા કામ ચીંધવા જોઇએ અને થોડી થોડી જવાબદારીનું તેને ભાન પણ થાય અને તેનાં આવા યોગ્ય કાર્યથી તેને પ્રોત્સાહિત કરવાથી તેનો આત્મવિશ્વાસ પણ વધે છે અને તેની જવાબદારી નિભાવવામાં તેને સહાયતા મળે છે. બાળકને એ પણ સમજાવવું જોઇએ કે જીંદગી માત્ર મોજ-મજા માટે જ નથી. કયારેક જીંદગીમાં આપણને ન ગમે એવા સંજોગો પણ આવે. નાસીપાસ ન થવું અને હિંમતપૂર્વક તેનો સામનો કરવો એવી યોગ્ય શીખામણ પણ તેને આપવી જોઇએ.

સૌથી મહત્વની બાબત તો એ છે કે આપણે ગમે તેવા આપણા ટાઇટ શેડયુલમાંથી પણ બાળક માટે સમય કાઢવો જોઇએ. ખાસ કરીને કિશોરાવસ્થામાં તેની સાથે મૈત્રીપૂર્વકનો વ્યવહાર ખૂબ જ ઉપયોગી છે. પરંતુ સાથો સાથ વડીલ હોવાને કારણે તેનાં મનમાં થોડો ડર રહેવો પણ જરૂરી છે. જેથી કરીને તે શિસ્ત અને વિવેકપૂર્વક વર્તન કરતું રહે. બાળકની રોજરોજની ગતિવિધિઓ પર નજર રાખવી જરૂરી છે. પણ એવી રીતે નજર રાખો કે તેને એવું ન લાગે કે આપણે તેની જાસૂસી કરીએ છીએ. નહીંતર તેના કૂમળા મન પર તેની અવળી અસર પડશે.

અંતે એક વાત હંમેશા યાદ રાખવી જરૂરી છે કે, બાળક એ કૂમળો છોડ છે, તેને આપણે જેમ વાળીશું તેમ વળશે. ●●●

**આપણું બાળક કયારેય જૂઠ ન બોલે તે આપણે જ તેને શીખવવું જોઇએ. આપણે તેને એ પણ શીખવવું જોઇએ કે જ્યારે બે માણસો બોલતા હોય ત્યારે વચ્ચે ન બોલવું જોઇએ. અન્યોને માનથી બોલાવવા જોઇએ. વડીલોનો પૂરતો આદર કરવો અને એમના પ્રત્યે સેવા-ભાવ દાખવવો એ પણ આપણે જ બાળકને શીખવવું જોઇએ.**

શ્રી **રાધીકા પેલેસ**

## 2 BHK FLATS
## (રાધીકા ડેવલોપર્સ)





### વિશેષતાઓ....

- કોર્પોરેશનની હદમાં તથા કુલ ડેવલોપ એરીયા
- પ્રાઇમ લોકેશન તથા આકર્ષક એલીવેશન
- સંપૂર્ણ લોનેબલ ટાઇટલ કલીયર પ્રોજેકટ
- અલ્ટ્રા મોર્ડન, આકર્ષક તથા સંપૂર્ણ હવા ઉજાસવાળું પ્લાનીંગ
- ભૂકંપ પ્રતિરોધક સ્ટ્રકચરલ ડિઝાઇન

### સુવિધાઓ....

- પ્રિમિયમ કવોલીટીનું સિરામીક ફલોરીંગ
- સ્ટાન્ડર્ડ કંપનીનું બાથરૂમ ફીટીંગ
- બાથરૂમમાં બીમ લેવલ સુધીની વોલ ટાઇલ્સ
- જરૂરી ઇલેકટ્રીક પોઇન્ટસ મોડયુલર ફીટીંગ
- ગ્રેનાઇટ, કીચન પ્લેટફોર્મ તથા લીન્ટલ લેવલ સુધી વોલ ટાઇલ્સ
- એલ્યુમિનિયમ સેકસન વિન્ડો.
- ફલશડોર દરવાજા
- દરેક બાથરૂમમાં સોલાર ફીટીંગ પોઇન્ટ.
- અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ વોટર ટેન્ક
- અંદરની દિવાલમાં લાપી પ્રાઇમર તથા બહારની સાઇડ સ્ટાન્ડર્ડ કંપનીનો પેઇન્ટ.
- કીચનમાં એકવાગાર્ડ પોઇન્ટસ.
- ગ્રાઉન્ડ ફલોરમાં ફુલી પાર્કીંગ
- સ્ટાન્ડર્ડ કંપનીની લીફટ
- લીફટ માટે જનરેટરની વ્યવસ્થા
- સીસીટીવી કેમેરા




**નંદલાલ એન. ટુડીયા**
M.98251 51414
M.97132 71390

**રમેશભાઇ પરમાર**
M.70462 04107

**માધાપર ચોકડી પાસે, સર્વે નં.૯, જામનગર રોડ, રાજકોટ.**

અમિત બી. પરમાર
મો.૭૮૭૮૫ ૯૦૯૯૯
૯૭૩૭૭ ૩૦૪૪૪

॥ જય શ્રી વિશ્વકર્મા ॥

બટુકભાઈ આર. પરમાર
મો.૯૫૭૪૨ ૫૯૧૪૬

# એકતા ફેબ્રીકેશન

ડેલા, ડેલી, જારી, રેલીંગ,
સીડી, કોલપ્સીબલ ગેટ,
કેચી છાપરાનું કામ તેમજ દરેક પ્રકારનું
ફેબ્રીકેશન કામ કરી આપનાર



જીલ્લા ગાર્ડન રોડ, બાપુનગર રોડ, પટેલ ચેમ્બરની બાજુમાં,
ટ્રસ્ટીન ફાઈનાન્સની સામે, રાજકોટ-૩૬૦૦૦૨

---

વિજય કે. પારવાણી
(M.Com. CA Inter)
ટેક્ષ કન્સલટન્ટ
88666 38520
73837 22900



- પાન કાર્ડ
- ઈન્કમટેક્ષ રીટર્ન
- પાસપોર્ટ
- એકાઉન્ટીંગ
- ઈન્સ્યોરન્સ પોલીસી
- G.S.T.
- ભાગીદારી દસ્તાવેજ
- લોન વગેરે કામ માટે મળો.
- E-mail: vijaykparwani@gmail.com

લોન જોઈએ છે?
સંપર્ક કરો.

# શ્રી કન્સલટન્સી સર્વીસીસ

શિવ દ્રષ્ટિ એપાર્ટમેન્ટ, સુર્યા પાર્ક, પાણીના ટાંકા પાસે,
આશાપુરા પાન સામે, રેલનગર મેઇન રોડ, રાજકોટ.

૨૧૨, મારૂતીનંદન કોમ્પલેક્ષ, ગેલેક્સી હોટલ સામે,
SBI બેંકની બાજુમાં, જવાહર રોડ, રાજકોટ.


કૈલાશભાઈ શ્રીવાસ્તવ
૯૩૭૪૮ ૨૪૨૨૯
દુકાનનો સમયઃ
સવારે ૧૦ થી ૧ અને
સાંજે ૬ થી ૧૦
શ્રી ઘનશ્યામ ખાદી ભંડાર
૧૦૦% કોટન કરતા પણ
ખાદી પહેરવાનો આનંદ વધુ હોય છે
અમારે ત્યાં ખાદીની દરેક આઈટમ જેમ કે,
પેન્ટ-શર્ટનું કાપડ સફેદ તથા રંગીન, લીનન સફેદ
તથા રંગીન તથા ઝભ્ભા-લેંઘા તૈયાર મળશે.
શિવાલય કોમ્પલેક્ષ, ફર્સ્ટ ફલોર, દુકાન નં.૪,
ગોલ્ડન સુપર માર્કેટની બાજુમાં, શ્રીનાથજી પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ.


ફીરોઝભાઈ
૭૮૭૮૩ ૪૪૩૨૭
નવા સોફા તથા
ફોમના ગાદલા
બનાવી આપશું.
જૂના સોફા,
ડાઈનીંગ ચેર,
રીવોલ્વીંગ ચેર
રીપેર કરી આપશું
AtoZ
સોફાવર્ક
શોપ નં.૪, સીટી સેરેનીટી, તુલસી સુપર માર્કેટ સામે, રૈયા રોડ, રાજકોટ.

## Couple Group and Family Tours Package



# EUROUP / AUSTRALIA
# SINGAPORE / MALAYSIA / HONGKONG
# MACAU / DUBAI & DOMESTIC PACKGES

CONTACT FOR
AIR BOOKING / TRAIN BOOKING / PASSPORT / VISA

# Shreeji Tours and Travels

## 9909949994 / 9909749994

Goa, kerala, Rajasthan, Uttrakhand, Kashmir,
Andaman tour packages, Himachal,
Northeast with best services

# સિંધ પ્રાંતનાં અંતિમ હિંદુ રાજા અને બહાદુર યોધ્ધા

# બ્રાહ્મણ રાજા દાહિરસેન




મિત્રો, આપણે આપણા ગયા અંકમાં ઈતિહાસના પાનાઓમાં ધરબાયેલા અને જેની વીરગાથાઓથી અપરિચિત હતા તે વીર અહોમ વંશની વિગતે વાત કરેલી અને તમોને તેમના વીર પરાક્રમો વિષે માહિતગાર કરેલા. આજે આપણે એક એવાજ બહાદુર વીર યોધ્ધા અને રાજા દાહિરની વાત કરવાની છે કે જેના વિષે આપણને ઈતિહાસમાં કશું જ ભણવા કે જાણવા મળ્યું નથી અને રાજા દાહિરની પરાક્રમ ગાથાઓ પણ અહોમ રાજવંશની જેમ જ ઈતિહાસનાં પાનાઓમાં ધરબાયેલી છે.

**ઈતિહાસની અટારીએથી...**

◆ રણજીતસિંહ જાદવ ◆

છેલ્લા ત્રણ વર્ષની અંદરની વાત કરીએ તો પાકિસ્તાનમાં બે રસપ્રદ બનાવ બન્યા. જૂન-૨૦૧૯માં લાહોરમાં હિંદુ રાજા રણજિતસિંહની પ્રતિમા ઉભી કરવામાં આવી. રાજા રણજિતસિંહ ૧૯મી સદીના પંજાબ પ્રાંતનાં શાસક રહી ચુક્યા છે. ઈસ્લામિક સંસ્કૃતિની જો આપણે વાત કરીએ તો તેમાં સામાન્યપણે મૂર્તિઓનું ખાસ કંઇ મહત્વ નથી એટલે કે આ સંસ્કૃતિમાં મૂર્તિઓ પ્રત્યે અણગમો દાખવવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં પાકિસ્તાનમાં લાહોર કિલ્લા પર એક હિન્દુ રાજાની પ્રતિમાનું સ્થાપન થાય અને ચોક્કસપણે ધ્યાન ખેંચનારી ઘટના ગણાય. આ ઘટના બાદ પાકિસ્તાનમાં એક બીજી ચળવળ બુલંદ થઇ કે જો પંજાબનાં પાટનગર લાહોરમાં એક હિન્દુ શાસકની પ્રતિમા મુકાઇ શકતી હોય



તો સિંધનાં પાટનગર કરાંચીમાં હિન્દુ રાજા દાહિરની પ્રતિમાનું સ્થાપન શા માટે ના થઇ શકે?

આનાથી પહેલીવાર એવું બન્યું કે, માત્ર પાકિસ્તાનમાં જ નહીં પરંતુ આપણા દેશમાં પણ રાજા દાહિરની ચર્ચાઓ શરૂ થઇ. સાહેબ, વિધિની વક્રતા તો જુઓ જ્યાં પાકિસ્તાનનો એક વર્ગ રાજા દાહિરની પ્રતિમા સ્થાપનની હિમાયત કરતો જોવા મળે છે ત્યારે આપણી પ્રજા આ બ્રાહ્મણ હિન્દુ રાજા વિષે કશું જાણતી નથી. તેઓ સિંધ પ્રાંતના અંતિમ હિન્દુ રાજા હતા, તેઓ એક બહાદુર યોદ્ધા હતા, વોર હિરો હતા, હિન્દુસ્તાનને આરબ આક્રમણકર્તાઓથી બચાવવા માટે જીવલેણ યુદ્ધ કરનાર તેઓ પહેલા શાસક હતા. આરબો સામે લડતા લડતા તેમણે ખુદનાં પ્રાણની આહુતિ આપી દીધી. રાજા દાહિરની બીજી મહત્વની ઓળખ એ છે કે, તેમણે હુસેન ઇબ્ન-અલીને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો હતો.

દાહિર ઇ.સ.૬૭૯માં વિરાટ ભારત વર્ષના એક ભાગ એવા સિંધ પ્રાંતનાં રાજા બન્યા. એક અનુમાન અનુસાર દાહિરનો શાસનકાળ ઇ.સ. ૬૭૫થી ૭૧૨ વચ્ચે ફેલાયેલો હતો. સિંધના પ્રતાપી રાજપુત રાજા રાયનો કોઇ ઉત્તરાધિકારી ન હતો. આથી એમણે પોતાના કાશ્મીરી પ્રધાનમંત્રી ચચને પોતાનું રાજ્ય સોંપી દીધુ હતું. રાજા દાહિર એ આજ ચચનાં પુત્ર. જી. એમ. સૈયદ નામના પાકિસ્તાની વિદ્વાને લખેલા 'સિંધ કે સુરમા' (સિંધના શુરવીરો) સહિત અન્ય પુસ્તકોમાં રાજા દાહિર વિશે વિગતવાર વાત લખાયેલી છે.


ઇરાન અને અફઘાનિસ્તાન પર કબ્જો કર્યા પછી, ત્યાં વસતા હિન્દુ, પારસી, બૌદ્ધ લોકોનું બળજબરીથી ઇસ્લામમાં ધર્માંતરણ કરાવ્યા પછી આરબોએ ભારત વર્ષના બલૂચિસ્તાન, સિંધ અને પંજાબ તરફ નજર દોડાવી હતી. તે સમયે સિંધ પ્રાંત ધર્મ સહિષ્ણુ રાજા દાહિરનાં કબ્જામાં હતો. વેપારી તરીકે આવેલા આરબોને તેમણે સમુદ્રકિનારે વસવાટ કરવાની પરવાનગી આપી હતી. જળમાર્ગે આરબોનો વેપાર વિનિમય ચાલતો હતો. સમય જતાં આજ આરબોએ રાજા દાહિર સાથે દગાબાજી કરી નાંખી.

આરબ ખલીફાઓએ ઇ.સ.૬૩૮થી ૭૧૧ દરમિયાન ૧૫ વખત સિંધ પર હુમલાઓ કર્યા હતાં. છેલ્લા આક્રમણ સમયે આરબો દ્વારા મોહમ્મદ બિન કાસિમ નામના યુવાન સેનાપતિને યુદ્ધનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું. કાસિમે ૧૦ હજાર સૈનિકોનું લશ્કર લઇને સિંધ અને તેની આસપાસનાં વિસ્તારોમાં ભારે ખૂન-ખરાબા કરી નાખ્યા અને તેને લીધે કેટલાય હિંદુઓ અને પારસીઓએ ત્યાંથી ઉચાળા ભરીને નાસી છુટવું પડ્યું.

રાજા દાહિરે કાસિમનો જોરદાર મુકાબલો કર્યો પરંતુ તેના આ મોટા લશ્કર પાસે તેનું કાંઇ ના ચાલ્યુ અને યુદ્ધ ભૂમિમાં જ તેમની વીરગતિ થઇ અને તેમનો પુત્ર પણ વીરગતિ પામ્યો. રાજા દાહિરની વીરગતિથી કાસિમની હિંમત વધી ગઇ અને એ અલોર શહેર તરફ આગળ વધી રહ્યો છે એવા સમાચાર ગુપ્તચરો દ્વારા દાહિરની વિધવા રાણીને મળતા તેમણે સીંધી વીરાંગનાઓની સેના તૈયાર કરી. જેવી કાસિમની અરબી સેના અલોરમાં ઘૂસી કે વીરાંગનાઓએ તીર અને ભાલાઓથી તેનું સ્વાગત કર્યુ. આ આક્રમણમાં કેટલીય વીરાંગનાઓએ તેમના પ્રાણની આહુતિ આપી દીધી. બાકી રહેલી વીરાંગરાઓને લાગ્યુ કે હવે તેઓ કાસિમના હાથે ઝડપાઇ જશે. ત્યારે તેમણે પોતાના સ્ત્રીત્વની રક્ષા માટે જોહર નો માર્ગ અપનાવ્યો.

દાહિરની પુત્રીઓ રાજકુમારી સૂરજદેવી અને પ્રેમલાએ ઘાયલ સૈનિકોની ખૂબ સેવા કરી હતી. જો કે, બાદમાં

દુશ્મનોએ બંનેને પકડી પાડી. મોહમ્મદ કાસિમે પોતાની જીતની ખુશીમાં આ બન્ને રાજકુમારીઓને આરબ ખલીફા પાસે મોકલી આપી. એમની ખૂબસૂરતી પર મોહી પડેલા ખલીફાએ બન્ને રાજકુમારીઓને પોતાના જનાનખાનામાં મોકલી આપવાનો હુકમ કર્યો. રાજકુમારીઓ ચતુર હતી. તેમણે હોંશિયારીપૂર્વક કાસિમને સજા અપાવડાવી, પણ ખલીફાને જ્યારે એમની ચતુરાઇની જાણ થઇ ત્યારે ક્રોધે ભરાઇને બન્ને રાજકુમારીઓની જીભ ખેંચી લેવાનો આદેશ આપ્યો. જે કે તેની આ આજ્ઞાનો અમલ થાય એ પહેલા જ બન્ને રાજકુમારીઓએ ખંજર કાઢી પોતાના પેટમાં હુલાવી દીધુ અને પ્રાણોનો ત્યાગ કર્યો.




રાજા દાહિરનો જીવ લેનાર મોહમ્મદ બિન કાસિમ પાકિસ્તાનમાં હીરો ગણાય છે. ત્યાં તેને 'સર્વપ્રથમ પાકિસ્તાની'નું બિરૂદ આપવામાં આવ્યું છે.

૧૯૫૩માં પ્રગટ થયેલા 'ફાઇવ યર્સ ઓફ પાકિસ્તાનઃ ઓગષ્ટ-૧૯૪૭-ઓગષ્ટ ૧૯૫૨' નામના પુસ્તકમાં એક જગ્યાએ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, કાસિમે સિંધ કબ્જે કર્યુ એટલે જ સિંધ ભારતીય ઉપખંડમાં ઇસ્લામનો સ્વીકાર કરનારો પ્રથમ પ્રાંત બન્યો. પાકિસ્તાનનું સર્જન ભલે ૧૯૪૭માં થયુ, પણ 'ફિફટી યર્સ ઓફ પાકિસ્તાન' નામના પુસ્તકમાં તો લખાયુ છે કે, પાકિસ્તાનનો પાયો તો કાસિમે સિંધ જીત્યું ત્યારે જ ઇ.સ. ૭૧૧માં જ નખાઇ ગયો હતો.

વિધિની વક્રતા તો જુઓ કે જે બહાદુર વીર બ્રાહ્મણ રાજા દાહિરસેને હિન્દુસ્તાનને આરબ આક્રમણકર્તાઓથી બચાવવા માટે સૌથી પહેલો વિગ્રહ કર્યો હતો અને પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું તેના વિશે ભારતમાં ભણાવાતા ઇતિહાસના પાઠ્યપુસ્તકોમાં પૂરતી વિગતો જ નથી. ભારત પર ચડી આવેલા ક્રૂર વિદેશી આક્રમણકારીઓનાં નામ પરથી આપણા દેશમાં આખે આખા વિસ્તારો, જાહેર ઇમારતો, રસ્તાઓ બધુ જ છે. પરંતુ આટલા મહાન દેશની એક પણ સડક કે ચોકને રાજા દાહિરનું નામ અપાયુ નથી. જો કે આક્ષેપો એવા પણ છે કે, ભારતની આઠમી સદીનો ઇતિહાસ જાણી જોઇને ભૂંસી નાખવામાં આવ્યો છે. સિંધ હિન્દુસ્તાનની ૨૦ હજાર જેટલી કન્યાઓ-સ્ત્રીઓને દમાસ્ક (સિરીયા)ની બજારમાં વેચી નાખવામાં આવી હતી પણ આ વાતની નોંધ ઇતિહાસમાં કયાંય પણ લેવામાં નથી આવી. ઉલટાનું જાણે ઇતિહાસ બીજી દિશામાં મોં ના ફેરવી ગયો હોય.

ગયા અંકમાં લખ્યું તેમ આપણા વીરો, હિરોને આપણે હંમેશા યાદ રાખવા પડશે, આવા વીર યોદ્ધાઓની શહાદત એળે ન જવી જોઇએ. તેમની કદર કરવી જોઇએ. તેમના વિષે ઉંડુ સંશોધન કરીને, સાચી વિગતો બહાર લાવવી જરૂરી છે. ખોટા ઇતિહાસનાં પ્રકરણો અને પાના ફાડી નાંખવા જોઇએ અને તેની જગ્યાએ સાચો આપણો હિન્દુ વંશનો ગૌરવવંતો ઇતિહાસ બહાર કાઢીને પાઠ્યપુસ્તકોમાં સામેલ કરીને આજના યુવાનોને ભણાવવો જોઇએ. અને તેમને આવા વીર યોદ્ધાઓ વિષે પૂરતા માહિતાગર કરવા જોઇએ. જેથી આપણી આવતી પેઢીને સાચા ઇતિહાસની જાણ થાય અને તેઓ પણ આવા આપણા વીર યોધ્ધાઓ વિષે પૂરૂં જાણે અને તેમની કદર કરતા થાય.

ખરેખર આપણા દેશનાં સંતુલિત ઇતિહાસનું પુનઃલેખન કરીને સરકારે ગંભીરપણે આ બાબતની અમલવારી કરવા સાચી નિષ્ઠા અને તટસ્થતાથી પ્રયત્નો કરવા જોઇએ. ●●●

## શું આપણા દેશના સાંસદો સ્વીડીશ સાંસદો પાસેથી શીખ લેશે?

# આને કહેવાય સાંસદો...



અનુકરણીય...

◆ અશ્વિન ઘેડીયા ◆

**લો**કશાહી દેશ એટલે કે જ્યાં પ્રજા દ્વારા ચૂંટાતી અને પ્રજા માટે ચલાવાતી સરકાર. લોકશાહી દેશોમાં અમુક વર્ષે લોકો દ્વારા લોકસભા અને ધારાસભાનાં સાંસદો અને ધારાસભ્યો ચૂંટવામાં આવે છે.

આવા પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજ્યમાં અને કેન્દ્રમાં સરકાર ચલાવે છે અને દેશનો વહીવટ સંભાળે છે.

આપણા દેશની આપણે વાત કરીએ તો આપણા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓ જાણે દેશ પોતાની માલીકીનો હોય અને પોતે સર્વે સર્વા અને રાજા હોય તે રીતે અત્યારે વર્તન કરી રહ્યા છે. આવા ચુંટાયેલા પ્રતિનિધિઓ દેશહિતને બાજુમાં રાખીને પોતાના અંગત હિત અને સ્વાર્થ ખાતર ગમે તે નીચલી કક્ષાએ જઇ શકે છે. અત્યારે આપણા દેશમાં ચારે તરફ ઉપરથી નીચેના સ્તર સુધી ભ્રષ્ટાચારનો ભોરીંગ ભરડો લઇ ગયો છે.

લોકોને એવી અપેક્ષાઓ હોય છે કે, આપણે જેને ચુંટીશું તે આપણા એટલે કે પ્રજાના કામો નીતિથી કરશે અને સમાજ અને દેશનો વિકાસ શકય બનશે. પરંતુ બને છે તેથી ઉલ્ટુ. સત્તા હાથમાં આવતા જ પ્રતિનિધિઓ બેફામ બની જાય છે. અને આગળ કહ્યું તેમ પોતાનાં અંગત સ્વાર્થ માટે બધું જ કરી છૂટે છે. આવા લોકોને પોતાના અંગત સ્વાર્થને બાદ કરતા સમાજ અને દેશનાં વિકાસ માટે કોઇ રસ હોતો નથી. આવા નઠારા રાજનેતાઓ વચ્ચે કયારેક કોઇ એવા વીરલાઓ પણ આવી જાય છે કે જેમને દેશ સેવા, સમાજ સેવા સિવાય બીજુ કાંઇ ખપતું નથી. પરંતુ આવા જૂજ લોકોનો અવાજ આવા ભ્રષ્ટાચારી તંત્રમાં કોણ સાંભળે? પરિણામે તેઓએ પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ કરવી પડે છે. અથવા રાજકીય ક્ષેત્ર છોડવું પડે છે.

પરંતુ આજે આપણે એક અલગ જ પ્રકારનાં સાંસદોની વાત કરવાની છે જે વાંચીને તમે પણ કહેશો કે વાહ, આને કહેવાય સાંસદો....

થોડા સમય પહેલા સ્વીડીશ સંસદ



સભ્યો વિષે એક સરસ મજાની માહિતી જાણવા મળી, સ્વીડીશ સંસદમાં ૩૫૯ બેઠકો છે. ૧૯૫૭-૫૮ સુધી સ્વીડીશ સંસદ સભ્યોને કોઇ પ્રકારનું મહેનતાણું મળતુ નહોતું. છેલ્લા થોડા વરસોથી આશરે ૪૫૦૦ ડોલર્સ જેટલુ મહેનતાણું મળે છે. એના કરતાં તો વધુ અહીં પ્રાથમિક સુધીના શિક્ષકો વધુ કમાય છે. સ્વીડીશ સંસદ સભ્યો પોતે ઇચ્છે ત્યારે મહેનતાણું વધારી શકતા નથી. તમે નહીં માનો પરંતુ આખી સંસદ વચ્ચે માત્ર ત્રણ જ કાર છે. જે પણ સરકારી કામકાજ માટે જ વપરાય છે.

તમામ સ્વીડીશ સંસદ સભ્યોએ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ફરવાનું ફરજીયાત છે. આ માટે તેઓને આખા વર્ષનો પાસ આપી દેવામાં આવે છે.

આ સંસદસભ્યો નાગરિકોની સાથે ટ્રેન કે બસમાં પ્રવાસ કરે છે. એમને કોઇ ખાસ સગવડતાઓ મળતી નથી. આપણે ત્યાં કોઇ દિવસ કોઇ ધારાસભ્ય બસમાં જતો નથી છતાં આજે પણ એસ.ટી. બસમાં ધારાસભ્ય માટે બેઠક રિઝર્વ રખાય છે.

સ્વીડીશ રાજધાની સ્ટોકહોમની બહારથી સંસદમાં આવતા સભ્યોને માત્ર એક રૂમનો ફલેટ મળે છે. એમાં નથી હોતુ વોશિંગ મશીન કે નથી હોતું ડિશ વોશર. આ ઉપરાંત સેપરેટ બેડરૂમ પણ હોતો નથી. આ એપાર્ટમેન્ટમાં સંસદસભ્ય સિવાય એમના કુટુંબીજનો કે મિત્રો રહી શકતા નથી. ક્યારેક કોઇ મહેમાન આવવાનું હોય અને સંસદસભ્ય અગાઉથી જાણ કરે તો એ મહેમાનને સરકારી મકાનમાં રહેવાનું ભાડુ સંસદ સભ્યએ ભરવું પડે છે.

કોઇ પણ પ્રકારની સગવડતા સંસદ સભ્યોને મફતમાં મળતી નથી. તેમને સેક્રેટરી પણ અપાતા નથી. આમ છતાં પણ કોઇ સંસદ સભ્ય સહાયક કે સેક્રેટરી રાખવા ઇચ્છતા હોય એ પોતાના હિસાબે અને જોખમે રાખી શકે છે. એ વ્યક્તિને પગારનાં નાણાં આપવાનાં હોય તે ક્યાંથી કાઢવા તેનો હિસાબ પણ આપવો પડે છે. પોતાના મતદાર વિસ્તારમાં પ્રવાસ કરવાનો હોય ત્યારે આવા સભ્યોએ સૌથી સસ્તી વાહન વ્યવસ્થાનો ઉપયોગ કરવાનો રહે છે. સ્વીડીશ સંસદ ભવનનાં કાફેટેરિયામાં કોઇ પટાવાળા જ નથી. દરેક સંસદસભ્યએ જાતે જ કાઉન્ટર ઉપર પૈસા ભરીને વાનગી જાતે જ લેવાની રહે છે. એટલું જ નહીં પણ ખાલી ટેબલ પર એ વાનગી ખાઇને ત્યારબાદ ડિશ જાતે જ ધોઇને તેની યોગ્ય જગ્યાએ મુકી દેવાની રહે છે.

એક પણ સંસદસભ્યને વ્યક્તિગત રીતે કોઇ અખબાર કે સામયિક મળતા નથી. સંસદ ભવનમાં દેશ અને દુનિયાનાં અખબારો અને મેગેઝિન્સ આવે એ બધાએ કોઇ ખેંચતાણ વિના અંદરોઅંદર સહકાર સાધીને વાંચવાનાં હોય છે.

ખરેખર તો હાલનાં આપણા અત્યારનાં સંસદ સભ્યોએ આ સ્વીડીશ સાંસદો પાસેથી ઘણું બધું શીખવાની જરૂર છે. આપણા સંસદભવન ગાલી-ગલોચ મારામારીનાં દ્રશ્યો જોઇને વિશ્વમાં આપણી છબી ખરડાઇ છે. ઉપરાંત આપણાં સાંસદોને આરોગ્ય ભથ્થુ, પ્રવાસ ભથ્થુ, કેન્ટીન ભથ્થુ, ટેલિફોન ભથ્થુ આવા અનેક પ્રકારનાં ભથ્થા મફતમાં મળે છે અને ઉપરાંત પગાર મળે છે. તે તેઓને ઘટે છે. આ માટે તેઓએ ખરેખર જો દેશ સેવા જ અને પ્રજાનાં વિકાસનાં કામો જ કરવા હોય તો સ્વીડીશ સાંસદોની આદર્શ સ્થિતિ અપનાવવી જોઇએ તો જ આ દેશમાં રામરાજ્યની સ્થિતિ નિર્માણ થઇ શકે, પ્રજાને પણ આવા સાંસદો પ્રત્યે આદરભાવ જાગે. પણ ખાટલે મોટી ખોટ... કરે તો કરે કોણ...?

●●●

# રાજ્યનું પ્રથમ લોકઅપ ! જ્યાં ગુનખોરીમાં પાછા ન ફરે તેવા અને જિંદગીનું મહત્વ સમજાવતા ચિત્રો દોરેલા છે




સામાન્ય વ્યક્તિને કે સીધા સરળ માણસને તમે પોલિસ સ્ટેશનની વાતો કરશો તો તે નાકનું ટીચકુ ચડાવી દેશે અને કહેશે ભગવાન બચાવે આવા પોલિસ અને પોલિસ સ્ટેશનથી આપણને પણ પોલિસ સ્ટેશનનું નામ સામે આવતા આપણા મગજમાં સામાન્ય ચીત્ર ઉપજે તે આવુ હોય છે. જ્યાં મોટી મૂંછોવાળા અને કરડાકીવાળા ચહેરાવાળા કોન્સ્ટેબલ બેઠા હોય, એક બાજુ નાની જેલની કોટડી હોય, કોઇ જગ્યાએ આરોપીઓને દંડાનો સ્વાદ ચખાડતા હવાલદારો પણ નજરે ચડે છે. મતલબ કે મનમાં એવા વિચાર જરૂર આવે કે, ભગવાન આપણને અહીંની મુલાકાત ન લેવા દે તો સારૂં.

પરંતુ સમય જતા હવે પોલિસ સ્ટેશનોમાં ઘણા સુધારા-વધારા જોવા મળે છે અને હવે તેને પ્રોફેશનલ લુક આપવામાં આવે છે. સ્ટાફમાં નવયુવાનો અને સ્ફુર્તિલા શરીર ધરાવતા ઓફિસર્સ ભરતી થાય છે. તેઓ આમ પ્રજા સાથે ખરેખર વિવેક અને નરમાઇથી પેશ આવે છે. સરકાર પણ આ બાબતે ખરેખર ગંભીરતાથી પગલાઓ ભરી રહી છે કે, પોલિસ અને પ્રજા વચ્ચે ફ્રેન્ડલી ભર્યો વ્યવહાર રહે અને જુના પુરાણા ખ્યાલો વાળી માન્યતાઓને જાકારો આપવામાં આવે. હવે તો રાજ્યોની જેલોમાં સુધારાવાદી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

આવા જ ફ્રેન્ડલી વાતાવરણને વધારે મજબૂત બનાવવાનાં ઉદ્દેશથી અને ખરેખર તો કંઇક અલગ જ વ્યવસ્થા સાથે રાજકોટમાં આવેલા ગાંધીગ્રામ


**પ્રશંસનિય...**

◆ જય ચનિયારા ◆

પોલિસ સ્ટેશનને નવોજ ઓપ આપવામાં આવ્યો છે. જેથી કરીને આ પોલિસ સ્ટેશન આવનાર આરોપીઓ તેની ગુનાખોર જીંદગીને છોડીને સુધરી જાય અને મહેનતની જીંદગી જીવે એવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. આવો જાણીએ શું થયું છે આ પોલિસ સ્ટેશનમાં.

રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનને એવો ઓપ આપવામાં આવ્યો છે કે ગુનાખોરીમાં લોકઅપમાં પહોંચનાર આરોપીને પણ ગુનાખોરીમાં પાછા ન ફરે અને જિંદગીનું મહત્વ સમજાય તેવા લખાણ અને ચિત્રો લોકઅપમાં જોવા મળશે, એટલું જ નહીં પોલીસ સ્ટેશનમાં લાઇબ્રેરી પણ શરૂ કરવામાં આવશે.


ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઇ કે.એ.વાળાએ જણાવ્યું હતું કે, જ્યારે કોઇ વ્યક્તિ ફરિયાદ કે અરજી કરવા આવે ત્યારે તેમની સાથે તેમના પરિચિત સાતથી આઠ લોકો આવતા હોય છે, પોલીસ સ્ટેશનના માહોલથી એ લોકો




માનસિક અસ્વસ્થતા અનુભવતા હોય તેવું લાગતા એવો વિચાર આવ્યો હતો કે, પોલીસ તેમનો મિત્ર છે અને પોલીસ સ્ટેશનથી સામાન્ય લોકોને ડરવાની જરૂર નથી તેવો માહોલ ઉભો કરવો, આ વિચાર આવતા જ ડીસીપી ઝોન-૨ મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનને આગવું બનાવવાની યોજનાને આગળ ધપાવી હતી અને તે સાથે જ રાજકોટ શહેરમાં જુદા જુદા સ્થળે આકર્ષક ચિત્રો બનાવી રાજકોટને રંગીન બનાવનાર ચિત્રનગરીના જીતુભાઇ ગોટેચાને વાત કરતાં તેમણે પોલીસ સ્ટેશનની દીવાલ પર સંદેશાત્મક ચિત્રો બનાવી દીધા હતા.

લોકઅપમાં આરોપીને પૂરવામાં આવે છે ત્યારે લોકઅપમાં બેસીને તેને પોતે કરેલા કૃત્યોનો અફસોસ થાય અને ત્યાંથી બહાર નીકળે ત્યારે સારા નાગરિક તરીકે જિંદગી જીવે અને તેના પરિવારનું મહત્વ સમજે તેવા હેતુ સાથે લોકઅપની અંદર પણ પરિવાર અને જિંદગીનું મહત્વ દર્શાવતા ચિત્રો અને સુવાકયો લખવામાં આવ્યા છે. લોકઅપની અંદર આવા સંદેશાત્મક ચિત્રો હોય તેવું રાજ્યનું આ કદાચ પ્રથમ લોકઅપ બન્યું છે. લોકઅપની બહાર નીકળવાના ગેટ પર લખવામાં આવ્યું છે કે, 'ફરી ન પધારશો', ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની આ પહેલ આગામી દિવસોમાં રાજ્યના અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ જોવા મળશે તે નિશ્ચિત છે.

એક વાત તો ચોક્કસ છે કે, અગાઉના સમયનાં પોલીસ સ્ટેશનો અને અત્યારનાં સમયના પોલિસ સ્ટેશનોમાં ખૂબ જ અંતર જોવા મળે છે. હવે એવો સમય નથી કે પોલિસ સ્ટેશનોમાં 'ગુંડાગીરી' જેવું વાતાવરણ જોવા મળે. ગાળા-ગાળી કે અપશબ્દોનો પ્રયોગ થતો હોય કે, આ બધું સરકારને કારણે શક્ય બન્યું છે. સરકારે પોલિસ સ્ટેશનોને ફ્રેન્ડલી બનાવવા માટે અનેક પગલાઓ લીધા છે. અનેક યોજનાઓને અમલમાં મૂકી છે. જેથી કરીને સામાન્ય પ્રજાને પહેલા પોલિસ સ્ટેશનમાં જતા જે ડર લાગતો તે હવે નથી લાગતો. ઘણી સ્કુલો પણ પોતાના વિદ્યાર્થીઓને પોલિસ સ્ટેશનની મુલાકાત લેવડાવે છે. અને તેઓને તેનાંથી માહિતગાર પણ કરે છે . જેને લઇને નાનપણથી જ બાળકોનાં મન પર સકારાત્મક અસરો જોવા મળે છે. આજનાં સમયનાં પોલિસ અધિકારીઓ પણ સમજે છે કે, ખોટી કરકડીની જગ્યાએ પ્રેમથી અને થોડા વિવેકથી કામ લેવામાં આવે તો સામાન્ય પ્રજાની સાથે-સાથે ગુનેગારો પર સકારાત્મક અસર જોવા મળે છે. જો આવા જ પ્રગતિશીલ પ્રયાસો ચાલુ રહેશે તો એની ઘણી સારી અસરો ભવિષ્યમાં આપણા સમાજમાં જોવા મળી શકશે. ●●●




# એક દેશ એવો પણ છે કે જ્યાં એક કિલો ચોખાનો ભાવ ત્રણ લાખ છે!

ઓફબીટ

◆ નિશાંત જાની ◆

અત્યારે આખી દુનિયામાં કોરોના નામની વૈશ્વિક મહામારીએ કેર વર્તાવ્યો છે. દુનિયાનો દરેક દેશ આ મહામારીને કારણે વિકાસમાં ઘણાં વર્ષો પાછળ ધકેલાઇ ગયો છે. અર્થતંત્ર નબળુ પડવાથી જે તે દેશમાં બેરોજગારી, અવ્યવસ્થા, અસલામતી અને મોંઘવારી જેવા અનેક પ્રશ્નોએ અજગર ભરડો લીધો છે. આપણે પણ થોડીક મોંઘવારી વધે એટલે કકળાટ કરવા માંડીએ છીએ અને સરકારને બેફામ ખરી-ખોટી સંભળાવીએ છીએ, પરંતુ આ દુનિયામાં એક એવો પણ દેશ છે કે જ્યાં કોથળો ભરીને નાણાં લઇ જાવ તો હાથમાં જે વસ્તુ આવે તે એમ લાગે કે જાણે ભીખ માંગીને મેળવ્યું હોય. એવા નાદાર થઇ ગયેલા દેશમાં આ સ્થિતિમાં કોથળો ભરીને નાણાં લઇને ખરીદી કરવા ના નીકળવું પડે એ માટે એક લાખ રૂપિયાની નોટ બહાર પાડવામાં આવી છે. આટલુ મોટુ ચલણ હોવા છતાં એ એક નોટમાં માત્ર ૫૦૦ ગ્રામ ચોખા મલે ! આ દેશ એટલે વેનેઝુએલા.

આપણે ત્યાં સૌથી મોટી ચલણી નોટ ૨૦૦૦ રૂપિયાની છે. જ્યારે વેનેઝુએલામાં સૌથી મોટુ ચલણ એક લાખ બોલિવરનું છે. અત્યારે તો દુનિયામાં એ સૌથી મોટી ચલણી નોટ ગણાશે, પરંતુ તેનું મૂલ્ય ફક્ત ૦.૨૩ ડોલર જ હશે. એક લાખ બોલિવરની નોટ લઇને તમે બજારમાં નીકળો તો ફક્ત ૨ કિલો બટાટા કે ૫૦૦ ગ્રામ ચોખા લઇને ઘરે આવી શકો.

કોરોનાના લોક ડાઉન પહેલા જ વેનેઝુએલાની ઇકોનોમી તળિયે બેસી ગઇ હતી. સતત સાતમા વર્ષે વેનેઝુએલામાં મંદીનો માહોલ છે. તેને કારણે એ દેશમાં આર્થિક સ્થિતિ દયનીય થઇ ગઇ છે. કોરોનાને કારણે આ વર્ષે તેની ઇકોનોમી ૨૦ ટકાથી વધુ સંકોચાશે. આ ઓછુ હોય તેમ વેનેઝુએલામાં ભ્રષ્ટાચારનો ભોરિંગ






એટલું બધુ મોઢું ફાડીને બેઠો છે કે, તેને કારણે આર્થિક લૂણો વધુ લાગી રહ્યો છે. ત્યાં એવું કહેવાય છે કે એટલો બધો ભ્રષ્ટાચાર ફેલાઇ ગયો છે કે, રસ્તા પર ચાલવા માટે પણ લાંચ દેવી પડે તો નવાઇ નહીં હોય, ભયંકર આર્થિક ફટકાને કારણે ત્યાં લાખો લોકો ભૂખમરો વેઠી રહ્યા છે. વેનેઝુએલા દેશ પોતાનું સોનું વેંચીને માલ સામાન ખરીદી રહ્યો છે. છતાં પણ તેના બે છેડા ભેગા થાય તેમ નથી.

વેનેઝુએલામાં અત્યારે ઓછામાં ઓછા ૭ લાખથી પણ વધારે લોકો એવા છે કે જેઓના નસીબમાં બે ટંકનું ભોજન નથી. મતલબ કે દર ત્રણમાંથી એક વ્યક્તિ પાસે પેટ ભરવા ભોજન ખરીદવાનાં પૈસા નથી તેથી ભૂખે મરે છે. સ્થિતિ એવી વણસી ગઇ છે કે અનેક લોકો દેશ છોડીને ભાગી રહ્યા છે. ૨૦૧૩ પછીનાં ૭ વર્ષોમાં ૩૦ લાખ લોકોએ દેશ છોડયો છે અને બ્રાઝિલ, કંબોડિયા, ઇકવાડોર અને પેરુ જેવા પાડોશી દેશોમાં શરણ લઇ રહ્યા છે. વર્તમાન સમયમાં આટલા મોટા પ્રમાણમાં લોકોનું વિસ્થાપન બીજે કયાંય થયું નથી.

આર્થિક નિષ્ફળતા વચ્ચે રાજકીય અંધાધૂંધી એવી જોવા મળી રહી છે કે, અત્યારે વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ કોણ છે તે કહી શકાય તેમ નથી.

અત્યારે તો ત્યાંના લોકો નશીબનું પાનું ફરે તેની રાહ જોઇ રહ્યા છે. ખનિજ તેલના ભંડાર હોવાને કારણે એક સમયે વેનેઝુએલા દક્ષિણ અમેરિકા એટલે કે લેટીન અમેરિકાનો સૌથી ધનિક દેશ હતો. સાઉદી અરેબિયા કરતાં વધુ ખનિજ તેની પાસે છે. આ ઉપરાંત વેનેઝુએલામાં હિરાની ખાણો પણ છે, પરંતુ સરકારની ૯૫ ટકા આવક ખનિજ તેલમાંથી થાય છે. ૧૯૯૮માં હ્યુગો શાવેઝ લાંબા સમય સુધી સત્તામાં રહ્યા અને તેમણે અનેક ફેરફાર કર્યા. ઉદ્યોગોનું સરકારીકરણ કરી નાંખ્યું તો પ્રાઇવેટ સેક્ટરનું નિકંદન કાઢી નાંખ્યું. જેમ જેમ સરકારી તિજોરી ખાલી થવા માંડી તેમ તેમ તેણે લોન લેવા માંડી અને ધીરે ધીરે દેશ દેવામાં ડૂબી ગયો. એ હકીકત છે કે, તેલ કંપનીઓ પાસેથી પૈસા લઇને શાવેઝ દેશના નીચલા અને ગરીબ વર્ગના લોકો ઉપર ભારે ખર્ચ કરતા તેને કારણે લોકોમાં તેઓ લોકપ્રિય થઇ ગયા, પરંતુ દેશનાં અર્થતંત્રને સાવ પાયમાલ કરતા ગયા.

૨૦૧૩માં શાવેઝે ઉત્તરાધિકારી તરીકે નિકોલસ માદૂરોને પસંદ કર્યા. જો કે તેમને વારસામાં ભારે દેવું જ આવ્યું. અધુરામાં પૂરૂ ખનિજ તેલનાં ભાવ તળિયે જવા માંડયા અને તેને કારણે વેનેઝુએલાની સ્થિતિ પડ્યા પર પાટુ મારવા જેવી થઇ ગઇ. ખનિજ તેલનાં ભાવ ઘટતા દેશની આવક ઘટી ગઇ અને તેને પગલે માદૂરાએ ચલણનું અવમૂલ્યન કર્યું, આ પગલાથી કંઇ સારૂ ન થયું પરંતુ ઉલ્ટાની મોંઘવારી વધી ગઇ. સરવાળે આર્થિક સમસ્યા વધુ ઘેરી બની ગઇ.

છેલ્લા વર્ષોમાં ફુગાવાનો દર આસમાનને આવી ગયો. આથી પરિસ્થિતિ એવી પેદા થઇ કે, લોકો ત્રાહિમામ્ પોકારી ગયા. જ્યારે બીજી તરફ આંતરરાષ્ટ્રીય રાજકારણને લઇને વેનેઝુએલામાં અમેરિકા માદૂરો વિરોધી વલણ અપનાવી રહ્યું છે, ત્યારે બીજી તરફ અમેરિકાની સામે છેડે રહેનારા દેશોએ માદૂરાને સમર્થન કર્યુ. આવી પરિસ્થિતિને કારણે સમરાંગણ વધુ ઘેરું બની ગયુ છે.

આવી સ્થિતિમાં લોકોનો ખો નીકળી રહ્યો છે. લોકો સતત પીડાઇ રહ્યા છે અને હવે તો વીજળી સંકટ ઉપરાંત મૂળભૂત જરૂરિયાતની ચીજો પણ મોંઘી થઇ જવાને કારણે લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે, પણ સત્તા સ્થાને બેઠેલા રાજકારણીઓને આમા કોઇ માર્ગ સૂઝતો નથી અને તેને કારણે પરિસ્થિતિ રોજ વણસતી જતી હોવાથી લોકો બીજા દેશમાં તક મળે ભાગી રહ્યા છે. આમ છતાં પણ જેમને એ તક નથી મળતી તેઓ ત્યાં રિબાઇ રહ્યા છે. એક લાખ બોલિવરનાં ૫૦૦ ગ્રામ ચોખા ખરીદીને માંડ પેટનો ખાડો પૂરી રહ્યા છે. ●●●

# વિશ્વનું ઠંડુ શહેરઃ નોરિલ્સ્ક

## જ્યાં બે માસ સુધી અંધકાર છવાયેલો રહે છે !

મિત્રો, જગત આખુ અનેક વિચિત્રતા અને અજાયબીથી ભરેલું છે. આપણને માનવામાં ન આવે તેવા સ્થળો આ વિશ્વમાં અનેક છે. આપણે આ બાબતે જેટલું જાણીએ એટલું ઓછું. આપણી આખી જીંદગી પૂરી થઇ જાય પણ આપણે વિશ્વના આવા સ્થળો વિષે પૂરૂ જાણી ન શકીએ એનું એક કારણ એ પણ છે કે અત્યારના માનવીની જીંદગી યંત્રવત્ બની ગઇ છે. માનવી પોતાના કુટુંબના ભરણપોષણ માટે રાત-દિવસ દોડધામ કરી રહ્યો છે.

કાંઇ વાંધો નહીં મિત્રો, ચાલો આજે આપણે તમને વિશ્વના આવા જ એક સ્થળની વાત કરવાની છે જે તમે ઘરે બેઠા જ જાણી શકશો.



સાઇબેરિયાનું નોરિલ્સ્ક શહેરમાં બે માસ સુધી ઘનઘોર અંધારૂ છવાયેલુ રહે છે. બે-બે માસ સુધી રોશની કે પ્રકાશ જોવા મળતા નથી. એનું કારણ છે ધુમ્મસ અને હાડ ગાળી નાખતી ઠંડી.

શહેરમાં શિયાળાનાં દિવસોમાં તાપમાનનો પારો માઇનસ ૫૫ ડિગ્રી સુધી પહોંચી જાય છે અને ગાઢ ઝાકળનાં કારણે સૂર્ય પ્રકાશ તો જોવા જ નથી મળતો. અહીં શિયાળાના બે મહિના સુધી લોકો માટે રાત અને દિવસ એક સરખા હોય છે. ક્યારે સવાર પડી કે ક્યારે રાત પડી એ વાતાવરણ પરથી નકકી કરી શકાતુ નથી. અહીં લોકો પોતાના કામકાજ માટે ઘડિયાળનો સહારો લે છે અને એના ટાઇમ મુજબ પોતાના કાર્યો કરે છે. વર્ષના ૩૬૫ દિવસમાંથી ૨૮૦ દિવસ સુધી તો આકરી ઠંડી હોય છે અને એમાંય વળી ૧૩૦ દિવસ તો બરફવર્ષા થાય છે. સામાન્ય દિવસોમાં પણ અહીં તાપમાન માઇનસ ૧૦ ડિગ્રી રહે છે. આટલી વિષમ

**જાણવા જેવું...**


**◆ પાર્થ શાહ ◆**

પરિસ્થિતિ હોવા છતાં પણ આ શહેરમાં બધુ રૂટિન મુજબ ચાલતુ રહે છે. ભાગ્યે જ લોકોના કામકાજ અટકે છે.

**આમ પણ શહેરની વસ્તી ૧.૭૮ લાખની છે. આટલી ઠંડી પડવાને કારણે અહીંના લોકો મેળાવડામાં મ્હાલવામાં માનતા નથી. આથી અહીં સામાજિક કાર્યક્રમો બહુ ઓછા પ્રમાણમાં યોજવામાં આવે છે**

આમ પણ શહેરની વસ્તી ૧.૭૮ લાખની છે. આટલી ઠંડી પડવાને કારણે અહીંના લોકો મેળાવડામાં મ્હાલવામાં માનતા નથી. આથી અહીં સામાજિક કાર્યક્રમો બહુ ઓછા પ્રમાણમાં યોજવામાં આવે છે. એનું બીજુ એક કારણ એ પણ છે કે, અહીં રોશનીનો અભાવ હોય છે. અહીં સૂર્ય પ્રકાશ માંડ ૭૦-૮૦ દિવસ સુધી પૂરી માત્રામાં મળે છે. એક મેડિકલ સંશોધનમાં જણાયુ હતું કે, આકરી ઠંડીને કારણે સૂર્ય પ્રકાશનો અભાવ રહેતો હોવાથી સ્થાનિક લોકોમાં ડિપ્રેશન અને નર્વસનેશનું પ્રમાણ વધારે જોવા મળે છે. પ્રશાસન દ્વારા અહીં ઘણા લોકોને સ્થળાંતર કરવાની સૂચના અપાય છે. પરંતુ અહીંના વાતાવરણથી પરિચિત થઇ ગયેલા લોકો શહેરને છોડવા તૈયાર નથી. ●●●

# मुंबई के अंडरवर्ल्ड की खोफनाक बातें




ईब्राहिम उन पुराने ख्यालो में यकीन रखता था जिनके मुताबिक बच्चे अल्लाह की नेमत माने जाते है । इस तरह से ईब्राहिम का कुनबा तेज रफतार से बढता चला गया । दाउद के बाद अमीनाने पांच और बेटो को जनम दिया; अनीस, नूरा, ईकबाल, मुस्तकीम और हुमायु. उनकी चार बेटियाँ भी हुई: जैतून, हसीना, फरहाना और मुमताज. इनकी बडी बहनका नाम सइदा था. एक छोटी सी तनख्वाह के सहारे बारह बच्चो का पालन-पोषण करना, जिन्दा बने रहने का एक संघर्ष ही था, उस वकत के किस्से बताते है कि किस तरह कसकर बच्चे जयादातर वकत भूखे रहते थे । सुबह के खाने के बाद, जिसमें चाय और डबल रोटी (जिसे बन पाव कहा जाता था) का एक टुकडा भर होता था, उसके बाद का अगला खाना तो देर रात को ही नशीब होता था ।

जयादातर समय परिवार के पास पूरे दिन खाने के लिए कुछ नहीं होता था । अैसे कठीन हालांतो मे भी इब्राहिम चाहता था की उसके बच्चे बेहतर तालीम हांसिल करे, ईसी वजह से उसने दाउद को नागपाडा के अंग्रेजी माध्यम के एक जानेमाने स्कूल, अेहमद सेलर हाइस्कूल में दाखिला दिलाया । वहीं उसके भाईओ को नगरपालिका के स्कूलो में और बहनो को उर्दू माध्यम के स्कूलोमें पढने के लिए भेजा गया । ईब्राहिमने उस बात का भी ख्याल रखा की उसका दुसरा बेटा, जिसे आगे चलकर बडे काम करने थे, पढाइ-लिखाइ से ईतर गतिविधियो में भी शामिल हो । उसका नाम आरअेसपी (रोड सेफटी पेट्रोल) के दल में लिखा गया जहाँ उसे यातायात से सम्बन्धित प्रशिक्षण दिया गया । छठवी कक्षा तक सब कुछ ठीक-ठीक तरीके से चलता रहा । और दाउदने अपने जलवे नहीं दिखाए ।

लेकिन एक दिन, ईब्राहिम और उसके कुछ साथी पुलिसकर्मी अपनी नोकरीयाँ खो बेठे,

यह संकट कहाँ से आ टपका वह बात कभी साफ नहीं हो सकी, लेकिन जयादातर लोगों का शक था कि उन पर यह प्रहार इसलिए किया गया था कि वे पुलिसकर्मी १९६६ के किसी नामचीन हत्याकान्ड की गुत्थी सुलझाने मे नाकामयाब रहे थे । इस कारण ईब्राहिम को उसके सहकर्मियो के साथ निलम्बित कर दिया गया । ऐसी बेहद दुःख देने वाली घटनासे उसे अपनी किस्मत पर यकीन नहीं आ रहा था । उसका परिवार जैसे भूखमरा की कगार पर आ गया ।

अब बच्चो की तालीम दूर की बात लगने लगी, अगर दाउद की तालीम जारी रही होती तो उसकी जिंदगीने कोई दूसरा ही मोड लिया होता । लेकिन परिवार की बिगडती हुई हालतने उसे स्कूल छोडने पर मजबूर कर दिया ।

इस घटनाक्रम से एक शख्श बहुत ही विचलित हो गया था, वह था ईब्राहिम कस्कर का वरिष्ठ अधिकारी ACP दस्तगीर बुरहान मल्गी । उसने दाउद की तालीम जारी रहने पर बहुत ही जोर दिया था लेकिन ईब्राहिम के हालात ऐसे खराब थे की वो इस बारे में कुछ ना कर शका । १९६३ की गर्मि यो के समयसे दाउद एक सुखी लडका बन गया था । क्योंकी अब उसे स्कूल जाने, पढने या होमवर्क पूरा करने की जरूरत नही थी । उसे अब उस आरअेसपी की ट्रेनींग मे भी नहीं जाना पडता था, जिस में उसके बापने उसे लगा रखा था । अब उस के पास वक्त ही वक्त था । अब वो जो चाहे वो कर शकता था ।

अब दाउदने डोंगरी और जेजे इलाके के आवारा बच्चो के साथ अपना वक्त बिताना शुरु कर दिया लेकिन ये बात उसके माँ-बाप के लिए बडी चिंता की बात बन गई ।

## डोंगरी से दुबइ तक...




दाउद बार-बार जेजे अस्पताल की विशाल चौहदी के भीतर क्रिकेट खेलते पाया जाता था । क्रिकेट एक अैसा खेल था जो उसको बहुत ही पसंद था । और बाद में यह खेलने उसके दिलो-दिमाग पर अैसा कब्जा कर लिया था की वो कानून की नजरो से छूपकर रहता था तब भी यह खेल को पसंद करता था । वो जेजे स्कवेयर में दूसरे मुसलमान बच्चो के साथ खेलता रहता था ।

इस दौरान ईब्राहीम अपने परिवार का पेट भरने के लिए तरह-तरह का काम करने लगा था । इसी कारण उसे बायु दादा के लिए कुछ खास तरह के कामों की मुहिम पर भी जाना पडता था । लेकिन वह इमानदार बना रहा और रहीम जैसे लोगों के पेश किए गए प्रलोभनो और बहकावों के बावजूद वह अपराध की दुनिया के लालच का शिकार नहीं हुआ । लेकिन, अपने बेटों को-खास तौर पर सबीर और दाउद को वह काबू में नहीं रख शका ।

जल्द ही, दाउद के परिवार को टेमकर मोहल्ले वाला अपना घर छोडना पडा और थोडी ही दुर पर पखमोडिया स्ट्रीट (उस समय के बोहरी मोहल्ला) के मुसाफिर खाने में जाकर रहना पडा. अभी कस्कर परिवार वहां पर ठीक से सेट भी नहीं हो पाए थे कि दाउद ने इलाके के एक स्थानीय गुंडे के रुपमें वहाँ अपनी मोजूदगी दर्ज करा दी । बोहरा समुदाय ठगों के उभरते हुए गिरोहकी गतिविधियो के आकर्षण का केन्द्र था । मुसाफिर खाना दाउद के उभरते हुए गिरोह का अघोषित अड्डा बन गया ।

माँ-बाप द्वारा दी गइ सारी मझहबी शीखो और तालीम के बावजूद दाउद का मन अपराध और ताकात की तरफ जा ठहरा और उस पर ढेर सारा पैसा हांसिल करने की भूख सवार थी । उसने अपनी किशोरावस्था के पहेले ही ट्रच्चे किस्म की चोरियां करने, चेन छीनने, लोको के साथ मारपीट करने, जेब काटने और दुकानदारों से पैसे एठने जैसे सडक छाप जुर्म शुरु कर दिए थे ।

दाउद महझ् १४ साल का था जब उसने अपना पहला गुनाह किया था । उसने सडक पर खडे हुए पैसा गिनते एक आदमी से पैसे



छीने और भाग खडा हुआ । पीडित व्यक्तिने कहीं से ईब्राहीम का पता ढुंढा और उसे शिकायत की । बौखलाओे हुए ईब्राहिम ने अपने बेटे को पकडा और उसकी जमकर पिटाइ की । इस घटनासे दाउद और उसके छोटे भैये कुछ दिनो के लिए ठंडे पड गओे, लेकिन ये शांति ज्यादा दिनो तक नहीं चली, लडका जल्द ही अपने गलत रास्ते पर लौट पडा ।

दाउद के आतंक, दबदबे और अपराधिक प्रवृति से इलाके के लोग जल्द ही वाकिफ हो गए । जब भी उस का बाप उसके गुनाहों के बारे में सुनता वह दोहरी शर्मिन्दगी और गुस्से से भर उठता, एक पुलिस कर्मी होने के नाते भी और एक बाप को ने के नाते भी । लेकिन ईब्राहिम, जिसे क्राइम ब्रांचमे भेज दिया गया था । अपने कामो और इस नइ तैनाती में इस कदर डूबा रहता था कि अपने उपद्रवी बेटे को काबु करने और उसकी निगरानी करने का वक्त उसके पास नहीं था । जब वह काम पर नहीं भी होता था, लेकिन जब कभी भी वह दाउद के कुकर्मो के बारे में सुनता तो वह उसे कोसने से नहीं चूकता था । उन मौको की तो गिनती ही नहीं है, जब उसने दाउद को पीट पीटकर घायल कर दिया हो ।

दाउद अपने पिता की बहुत कद्र करता था और उनसे थोडा सा डरता भी था, फिर भी वह अपनी माँ के अलावा और किसी की भी नहीं सुनता था । ऐसे कइ लम्बे दोर आते थे जब बाप और बेटे के बीच बोलचाल बन्द रहती थी । ईब्राहिम बोलचाल इसलिए बंध रखता था क्योंकि उसको लगता था कि दाउद उसके नाम पर एक धब्बा है, और दाउद अपनी खिंचाइ किए जाने की वजह से तना रहता था । लेकिन दाउद की माँ ने कभी उसको नहीं कोसा था जिस तरह उसका बाप उसको कोसता रहता था । वह उसके प्रति दोस्ताना रवैया बनाए रखती थी । इसलिए उन दोनो के बीच अनबन की नोबत कभी नहीं आती थी । लेकिन दाउद अपनी गुन्डागर्दी के बारे में उसकी भी नहीं सुनता था । वो बार बार दाउद को प्यार से समजाती थी की, बेटा तुम्हारे अब्बा पुलिस में है और तुम्हारी औसी हरकतो से उनकी इज्जत धूल मे मिल जाती है । तब उभरता हुआ डोन हर बार उनकी माँ को "देखुंगा माँ" कह कर उडा देता.


दाउद जो था वह होने से खुद को नहीं रोक शकता था । उसे उस ताकत से प्यार था जो लोगो को आतंकित करने से आतीथी और वैसे भी उसको जैसे भी तरीके से मिले वो ढेर सारी दौलत हांसिल करना चाहता था । दाउद गरीब था और उसके पास आर्थिक साधनो का अभाव था, फिर भी वो अपने भाइओ को अच्छे कपडे और बहेनो और माँ को झवेरो से लदे हुए देखना चाहता था । यह दाउद था जो जरुरत पडने पर चीजों को अपने नियंत्रण मे लेकर घर के खर्चो के बारे में फैसले लिया करता था । अमीना हंमेशा अपनी शिकायते दाउद को ही बताती क्योंकी वो जानती थी की परिवार के सभी सदस्य दाउद के पीछे पीछे ही चलते है । सबीर जो दाउद का बडा भाई था वो भी दाउद को ही अपने से उपर समजता था, एक दिन अंडरवर्ल्ड के बेताज बादशाह बनने जा रहे इस लडके का बचपन कंगाली से भरा था । इसी में, शायद उसके लालच और क्रूरता की कुंजी छूपी हुइ है ।

दाउद के पास खाली समय की कोइ कमी नहीं थी, इसलिए जैसा कि होना तय था, अब तक उसकी मुलाकात स्थानीय स्तर के गुन्हो से हो चुकी थी । उसने इलाहाबादी और कश्मीरी गिरोहो की ताकात के बारे मे सुन रखा था, लेकिन जिस एक गिरोह का वह कायल था और जिसमे वह शामिल होना चाहता था वह था पठान गिरोह ।

इस बीच बडी तादाद मे मुस्लिम नौजवान रत्नागिरि से खास तौर से दाउद के गाँव

मुमका से आकर बम्बई में बस गए जो और ये सब लोग डोंगरी के आसपास जाकर बस गए । ईब्राहिम इन भटकते हुए कोंकणी मुसलमानो की धुरी बन गया था जो साठ के दशक के आखिरी और सत्तर के दशक के शुरुआती दौर मे बम्बई आए थे । कोंकणी लडको की एक छोटी सी मन्डली सबीर दाउद और उसके भाइओ के साथ शामिल हो गइ । अली अब्दुल अंतुले, जो बाद में अली भाइ कहलाने लगाथा, शहर मे नए-नए आए इन्ही लडको में से एक था, सतर के दशक के शुरु होते ही किशोर उम्र का दाउद लडको के उस छोटे से गिरोह का मुखिया बन चुका था । जिस में उसके भाइ शबीर और अनीस उसका चचेरा भाइ अली और अयूब तथा रशीद जैसे अन्य लडके शामिल थे ।

बोहरा एक सम्पन्न समुदाय था जिनके कारोबार खडा पारसी जंकशन से लेकर नागपाडा के कलेयर रोड, आगरापाडा के कुछ हिस्सो, और मुसाफिर खाना तक फेले हुए थे । वे ग्लास हाउस, रेस्टोरेन्ट तथा यात्रा और पर्यटन व्यवसाय में शामिल थे और वे इलाके के जयादातर लोगो के मुकाबले मे खुशहाल थे. अमन पसन्द होने के नाते वे तकरार और खुले आम लडाइ-झगडो से दुर रहते थे । इसीका फायदा दाउद और उसकी गिरोहने उठाया । क्यों की दाउद जब पैसे एठने की कोशिष करता तब वे लोग तमाशा खडा करने और शारीरिक नुकशान का जोखिम उठाने के बजाय चूपचाप पैसे देने पसन्द करते थे । यही वो कारण था, जो दाउद की गुस्ताखी बेलगाम होने चली. अब उसे खुद को पैसे एठने के लिए नहीं जाना पडता था, उसके



Manya,,Maya,,Daud,,Juber

गिरोह के लडको ही वो काम दाउद के नाम से ही कर आते थे । दाउद इस तरह १९७२-७३ तक अैसे पैसे एठने के काम में शामिल रहा ।

दाउद हंमेशा उंचे स्तर पर पहुंचना चाहता था और एक नौजवान लडके के रुप मे भी उसकी हैसियत उससे अलग नहीं थी । थोडे ही समय मे नए गिरोहने लोगो को ठगने का काम शुरु किया. उन्होने मोहट्टा मार्केट मे एक दुकान खोल दी जहाँ वे आयाती घडियाँ बेचने लगे. गिरोह के दो-चार लडके दुकान के आसपास शिकार की तलाश मे रहते और जब वे किसी शिकार को दुकान के नजदीक आते देखते तब तुरन्त ही उसके पास पहुंच जाते और घडी दिखाते हुए कहते, 'राडो घडी-५००० का माल २०० मे अन्दर आ जाओ, बात करेंगे. और एक बार आदमी अन्दर हुआ तो वे उसे मोलभाव करने देते और १२००-१५०० रुपयो में सौदा तय हो जाता । वे घडी को पैक करने अन्दर ले जाते और उसकी जगह पर पत्थर पैक कर ले जाते । उसे वे लोगों की भाषा मे 'पल्टी मारना' कहलाता था । वो यह काम करते समय आदमी को बोलते अपना सामान लो और फटाफट निकल जाओ कोइ देख लेगा तो मुशीबत हो जाएगी और आदमी भी डरकर वहाँ से फटाफट निकल जाता । बाद मे थोडे दूर जा के वो डिब्बा खोलता और उसको ठगी का एहसास होता तब वो वापिस दुकान पे लौटता तो वहाँ खडे हुए लडके मासुम चेहरा बनाके हर चीज का इन्कार कर देते । यह ठगी एक गुस्ताखी भरा और सौचा समजा खेल था । जिसमे दाउद कामयाब रहा ।

कभी कभार कोइ ऐसे लूंटे हुए आदमी बिरला पारसी पुलिस स्टेशन मे शिकायत दर्ज कर देता और अगर पुलिस उसकी तलाश में आती तो वे कइ कइ दिनो और कभी-कभी तो कइ महीनो के लिए चुपचाप अपने गाँव भाग जाते. ये छोटी-छोटी तिकड्मे दाउद और उसकी गिरोह का आत्मविश्वास पढाने मे कारगत शाबित हुइ और धीरे-धरी उसको पकके तौर पे यकीन हो गया कि वे इस शहर मे कुछ भी कर शकते है । (क्रमशः)

નયનભાઇ વાઘેલા
મો.૯૯૯૮૧ ૭૦૧૧૪
મો.૮૭૮૦૧ ૪૧૦૧૬




# Shree Jivraj
## CERAMIC ZONE


વોલ ટાઈલ્સ । ફ્લોર ટાઈલ્સ । પાર્કિંગ ટાઈલ્સ । ટાઈલ્સ કેમિકલ્સ

# શ્રી જીવરાજ સિરામીક



**૧૨"X૧૮" ટાઈલ્સ વોટરપ્રુફ**
**૨૪"X૨૪" વિટ્રીફાઇડ**
**૨૪"X૨૪" ફુલબોડી વિટ્રીફાઇડ**
**૧૬"X૧૬" પાર્કિંગ ટાઈલ્સ ફુલબોડી**
**૧૨"X૧૨" પાર્કિંગ ટાઈલ્સ**

કોઠારીયા ચોકડી, રીંગ રોડ, ડેમ તરફ ડાબીબાજુ સર્વિસ રોડ ઉપર,
મણીનગર ૮૦ ફુટ રોડ કોર્નર, ગણેશ બિલ્ડીંગ સપ્લાયર્સની બાજુમાં, રાજકોટ.


The Protech
Mo.: 80000 88043
Ganga Spa
relax, refresh, rejuvenate
Thai Spa
OUR PRESENCE
● Ahmedabad ● Vadodara ● Rajkot ● Gandhidham ● Morbi ● Diu
● Gandhinagar ● Jodhpur ● Jaipur ● Sawai Madhopur ● Udaipur ● Bikaner
● Kolkata ● Indor ● Gwalior ● Bangaluru ● Bhubaneshwar ● 45+ centres & Growing
THAI SPA : MANAGED BY : THE PROTECH
"SHANTA BHAVAN", 17-Prahlad Plot, B/h Ashapura Mandir,
Place Road, Rajkot-360 002.
M.: +281 - 2236143, 80000 88043, 81558 88589
info@gangaspa.com - http://www.gangaspa.com

પહેલા એન્જલ પછી
પાણી જ પાણી

એન્જલ®
પમ્પસ્ અને મોટર્સ




1800+ Models

I-કિશાન દ્વારા માન્યતા પ્રાપ્ત

સરકાર માન્ય સબસીડીને પાત્ર

IS : 8472 CM/L 7600059515
IS : 8034 CM/L 7656086
IS : 14220 CM/L 3658777
IS : 9079 CM/L 3767479
ISO 9001:2015 CERTIFIED COMPANY
NABCB QM011
ENERGY SAVING GUIDE
* For Specific Models Only
GOVT. APPROVED ENERGY EFFICIENT SUBMERSIBLE PUMP
ZED

રાજકોટ નો એકમાત્ર કંપની શો-રૂમ

શ્રી રામ® પા·ઇ·પ્સ

"રામ એન્જલ" ચોક, RMC ચોક, ઢેબર રોડ, રાજકોટ - 360 001
ફોન : 0281-2227155/2230255 મોબાઈલ: +91 95374 55255

E21540

MMS

MADHAV MANPOWER SOLUTION

**Mehulbhai Saiyagor**
96382 93998

**Kuldeepbhai Basiya**
9638321014

**SECURITY AND HOUSEKEEPING FOR HOTEL AND MALL, SCHOOL AND COLLEGE, INDUSTRIES, EVENTS, PERMANENT, CELEBRITY, VALET PARKING, OFFICE, BOUNCER, GUNMEN, LABOUR SUPPLY**

**WEDDING PLANNER**

213 Cosmo Complex, Mahila College Chowk,
Underbridge, Kalawad Road, Rajkot.
www.madhavmanpowersolution.com


CRIME FORCE
सत्यमेव जयते

If Undelivered, Please return to :
Raj Complex, Opp. Star Plaza,
Fulchhab Chowk,
Rajkot - 360 001.

To,